*Shree Kundkund-Kahan Parmarthik Trust*

302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056

**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

દંસણ મૂલો ધમ્મો

# આત્મધર્મ

આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

તંત્રી : જગજીવન બાવચંદ દોશી

વર્ષ ૨૨ : અંક ૪ : વીર સં. ૨૪૯૧, મહા

## ગુણનો સ્વભાવ

ગુણનો સ્વભાવ ગુણરૂપ રહેવાનો છે, ગુણનો સ્વભાવ દોષરૂપ થવાનો નથી. જ્ઞાનગુણનો સ્વભાવ જ્ઞાનરૂપ રહેવાનો છે. અજ્ઞાનરૂપ થવાનો એનો સ્વભાવ નથી; સુખનો સ્વભાવ સુખરૂપ રહેવાનો છે. દુઃખરૂપ થવાનો એનો સ્વભાવ નથી, પ્રભુત્વનો સ્વભાવ પ્રભુતારૂપ રહેવાનો છે, પામર થવાનો પ્રભુત્વનો સ્વભાવ નથી.–એમ આત્માના દરેક ગુણનો સ્વભાવ ગુણરૂપ–શુદ્ધતારૂપ થવાનો છે. પણ દોષ કે અશુદ્ધતારૂપ થવાનો કોઈ ગુણનો સ્વભાવ નથી. એટલે મલિનતા–વિકાર કે દોષ : તે ખરેખર આત્માના ગુણનું કાર્ય નથી તેથી તેને ખરેખર આત્મા કહેતા નથી. સ્વશક્તિસન્મુખ થઈને નિર્મળ ભાવરૂપ પરિણમ્યો તે જ ખરેખર આત્મા છે.

૨૫૬

# મોક્ષાર્થીએ સેવવા યોગ્ય સિદ્ધાંત

અત્યંત સ્પષ્ટપણે મોક્ષમાર્ગનું પ્રતિપાદન કરીને, તેનું જ સેવન કરવાની મોક્ષાર્થીને ભલામણ કરતાં શ્રી અમૃતચંદ્રસ્વામી સમયસારમાં કહે છે કે–

सिद्धान्तोऽयमुदारचित्तचरितैर्मोक्षार्थिभिः सेव्यताम्
शुद्धंश्चिन्मयमेकमेवपरमं ज्योतिसदैवास्म्यहं।
एतेयेतु समुल्लसंति विविधाः भावाः पृथग्लक्षणाः
तेहं नास्मि यतोत्र ते मम परद्रव्यं समग्रा अपि।।

જેમના ચિત્તનું ચરિત્ર ઉદાત્ત (ઊજ્જવળ) છે એવા મોક્ષાર્થીઓ આ સિદ્ધાંતનું સેવન કરો કે–

હું તો શુદ્ધ ચેતન્યમય પરમ જ્યોતિ જ સદાય છું; અને આ જે ભિન્ન લક્ષણવાળા વિવિધ પ્રકારના ભાવો પ્રગટ થાય છે તે હું નથી, કારણકે તે બધાય મને પરદ્રવ્ય છે.

સર્વથા ચિદ્‌ભાવ જ એક ગ્રહણ કરવા યોગ્ય છે, બાકીના સમસ્ત ભાવો છોડવા યોગ્ય છે–એવો સિદ્ધાંત છે.

આવા સિદ્ધાંતનું સેવન કરનાર સિદ્ધ થાય છે.

## - એક સિદ્ધાંત -

મોક્ષમાર્ગને માટે આ એક સિદ્ધાંત છે કે, મોક્ષમાર્ગ આત્માના આશ્રયે છે; એટલે આત્મારૂપ જે ભાવ થયો હોય તે જ ભાવ મોક્ષમાર્ગ છે. હવે આત્માનો સ્વભાવ શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર છે, તે સ્વભાવરૂપ થયેલો ભાવ (એટલે કે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ થયેલો નિર્મળ ભાવ) તે જ મોક્ષમાર્ગ છે; પણ તેનાથી વિરૂદ્ધભાવો તે મોક્ષમાર્ગ નથી. જેમ મિથ્યાત્વ તે માર્ગ નથી. અજ્ઞાન તે માર્ગ નથી, તેમ રાગ તે પણ માર્ગ નથી, કેમકે તે ભાવો આત્માના સ્વભાવરૂપ નથી. તે ખરેખર આત્મારૂપ નથી પણ અનાત્મારૂપ છે. આત્માના સ્વભાવ સાથે જેની જાત મળે નહિ તે મોક્ષમાર્ગ કેમ કહેવાય? આત્માને સાધનારા પરિણામ આત્મારૂપ હોય; અનાત્મારૂપ ન હોય. આ રીતે મોક્ષમાર્ગમાં શુદ્ધ આત્મા જ ઉપાદેય છે, શુદ્ધ આત્માને ઉપાદેય કરનાર જ મોક્ષમાર્ગને સાધે છે, બીજા કોઇ મોક્ષને સાધતા નથી. રાગનો આદર કરનાર કદી મોક્ષને સાધી શકતા નથી.–આ રીતે કયા ભાવથી મોક્ષ સધાય છે એનો આ સિદ્ધાંત બતાવ્યો.

(પરમાત્મપ્રકાશ–પ્રવચનમાંથી)

દંસણ મૂલો ધમ્મો

આત્મધર્મ

આત્માર્થીતા

વાત્સલ્ય

દેવગુરુધર્મની સેવા

FEB : 1965 : વર્ષ ૨૨ : અંક ચોથો

# જેને સ્વભાવનો રંગ લાગ્યો....

જેને સ્વભાવનો રંગ લાગ્યો તેને પરભાવની વાત રુચે નહીં. વ્યવહારની–નિમિત્તની–રાગની વાત આવે ત્યાં જેને એમ ઉલ્લાસ આવે કે ‘જુઓ...આ અમારી વાત આવી ?’ તેને કહે છે કે અરે ભાઈ ! આ વ્યવહારની–રાગની–નિમિત્તની એવી પરાશ્રયની વાતો તને તારી લાગે છે, ને એનો તો તને ઉલ્લાસ આવે છે, પણ શુદ્ધાત્માની (નિશ્ચયની સ્વાશ્રયની–શુદ્ધ ઉપાદાનની એવી) વાત આવે તે તને પોતાની કેમ નથી લાગતી ? ‘અહો, આ મારા સ્વભાવની વાત આવી !’ એમ એનો ઉલ્લાસ તને કેમ નથી આવતો ?–તને રાગની વાતમાં ઉત્સાહ આવે છે ને સ્વભાવની વાતમાં ઉત્સાહ આવતો નથી, તો તે એમ સૂચવે છે કે તને રાગની જ રુચિ છે પણ સ્વભાવની રુચિ નથી. જેના હૃદયમાં આત્માની રુચિ ખરેખરી જાગી ને જેને સ્વભાવનો રંગ લાગ્યો તે જીવને સ્વભાવની વાત જ પોતાની લાગે છે ને રાગની વાત એને પારકી લાગે છે; શુદ્ધ સ્વભાવ જ એક પોતાનો લાગે છે ને પર ભાવો તે બધા પારકા લાગે છે; એટલે સ્વભાવનો જ એને ઉલ્લાસ આવે છે, ને રાગનો ઉલ્લાસ આવતો નથી. આવો જીવ રાગથી ભિન્ન શુદ્ધસ્વભાવને અનુભવે જ છે–કેમ કે...

**એને રંગ લાગ્યો છે સ્વભાવનો**.

# અચિંત્ય મહિમાવંત આત્મશક્તિ

અનંતશક્તિથી ભરેલા આત્મદ્રવ્યનો કોઇ અચિંત્યમહિમા છે; તેની એકેક શક્તિનો પણ અપાર મહિમા છે. સમયસારના પરિશિષ્ટમાં અમૃતચંદ્રસ્વામીએ જે ૪૭ શક્તિઓનું અદ્‌ભુત વર્ણન કર્યું છે તેના ઉપર હમણાં માગશર–પોષ માસમાં ૧૪મી વખત પ્રવચનો થયા. જ્યારે જ્યારે આ શક્તિઓ વંચાય ત્યારે ત્યારે ગુરુદેવને નવીન આહ્‌લાદ આવે છે, ને શ્રોતાજનો પણ ફરીફરી એના શ્રવણથી ઉલ્લસિત થાય છે. આ વખતનાં પ્રવચનોમાંથી દોહન કરીને કેટલોક ભાગ અહીં આપવામાં આવ્યો છે.

## ( ૧ ) ૪૭ ઘાતિકર્મોની ઘાતક ૪૭ શક્તિ

અનેકાન્તસ્વરૂપ આત્મા અનંતશક્તિના વૈભવથી પરિપૂર્ણ છે. એની મહત્તા લાવીને જ્ઞાન જ્યાં અંતર્મુખ થઇને પરિણમ્યું ત્યાં તે જ્ઞાનના નિર્મળ પરિણમનની સાથે જ બીજી અનંત શક્તિઓ પણ નિર્મળ પરિણમનથી ઉલ્લસે છે; તેનું અલૌકિક વર્ણન અમૃતચંદ્ર સ્વામીએ ૪૭ શક્તિ બતાવીને કર્યું છે. આ ૪૭ શક્તિઓ ઘાતીકર્મોની ઘાતક છે. ઘાતિકર્મોની પ્રકૃતિ પણ ૪૭ છે. ૪૭ શક્તિદ્વારા અનંત શક્તિસ્વરૂપ આત્માને જે ઓળખે તેને ૪૭ ઘાતીકર્મોનો નાશ થઇને કેવળજ્ઞાનાદિ અનંત શક્તિઓ ખીલી જાય. ( પ્રવચનસારમાં નયો પણ ૪૭ છે, ને ઉપાદાન નિમિત્તના દોહા પણ ૪૭ છે. )

## ( ૨ ) ચૈતન્યજીવન

સૌથી પહેલાં તો જ્ઞાન સાથે જીવત્વ પણ છે. સૌથી પહેલું ચૈતન્યજીવન બતાવ્યું. જ્ઞાનની સાથે ચૈતન્યપ્રાણ વર્તી રહ્યા છે, આવા પ્રાણને ધારણ કરીને આત્મા જીવી રહ્યો છે. આવી શક્તિ દરેક આત્મામાં છે. તે શક્તિની પ્રતીત કરતાં પર્યાયમાં તે પ્રગટ પરિણમે છે એટલે સાચું ચૈતન્યજીવન પ્રગટે છે. ચૈતન્યજીવનને ભૂલીને અનાદિનો જડ પ્રાણોમાં પોતાનું જીવન માની રહ્યો

છે, તેને સમજાવે છે કે ભાઈ, તારું જીવન જડથી નથી, તારું જીવન તો તારા ચૈતન્ય-પ્રાણથી જ છે.

**( ૩ ) નિઃશંક શ્રદ્ધારૂપી વિ-શલ્યા**

જેમ 'વિશલ્યા' આવતાં વેંત, લક્ષ્મણને લાગેલી રાવણની શક્તિ ભાગી, ને લક્ષ્મણજી પોતાની શક્તિસહિત જાગ્યા. તેમ આત્મા અનાદિથી નિજ શક્તિઓને ભૂલ્યો છે, ને મોહશક્તિથી તે બેભાન બન્યો છે, પણ જ્યાં શલ્યથી વિરહિત એવી નિઃશલ્ય-નિઃશંક શ્રદ્ધારૂપ સમ્યકત્વશક્તિ જાગી ત્યાં મોહશક્તિઓ ભાગી, ને ચૈતન્યલક્ષી ભગવાન આત્મા પોતાની અનંત શક્તિઓના સમ્યક્ પરિણમનથી જાગી ઊઠયો. તેની સામે હવે મોહની શક્તિ ટકી શકે નહિ.

**( ૪ ) ચૈતન્યનો દરબાર**

આત્માના અંતરમાં મોટો ચૈતન્યદરબાર ભર્યો છે, તેમાં અનંત વૈભવસંપન્ન અનંત શક્તિઓ શોભી રહી છે. અંતરદ્રષ્ટિના દરવાજે જ્યાં આવા ચૈતન્યદરબારમાં પ્રવેશ્યો ત્યાં તો અનંતગુણસંપન્ન આત્મપ્રભુના સાક્ષાત્કારથી પરમ આનંદનો અનુભવ થયો. આવો અનુભવ કરવા માટે હે જીવ! સમ્યક્શ્રદ્ધાની ચિનગારીવડે તારી ચૈતન્યશક્તિને ચેતાવ....પ્રગટાવ. અને એ પ્રકાશ વડે તારા અંતરમાં ચૈતન્યદરબારને દેખ.

**( ૫ ) શક્તિની અસ્તિમાં વિકારની નાસ્તિ**

આચાર્યદેવે આ ૪૭ શક્તિઓ અસ્તિથી વર્ણવી છે, તેમાં રાગાદિનું નાસ્તિપણું તો અનેકાન્તના બળે સ્વયમેવ આવી જાય છે. જેમ માંગલિકમાં नमः समयसाराय કહ્યું ત્યાં તેના ચાર વિશેષણો અસ્તિરૂપ બતાવ્યા-સ્વાનુભૂતિથી પ્રકાશમાન, ભાવસ્વરૂપ, ચિત્સ્વભાવ અને અન્ય સર્વે ભાવોને જાણનાર, એમ અસ્તિરૂપ ચાર વિશેષણોથી સમયસારનું સ્વરૂપ બતાવ્યું. ત્યાં રાગાદિના અભાવનું કથન કર્યું ન હોવા છતાં તેમાં તેના અભાવની વાત આવી જ જાય છે. સ્વભાવની અસ્તિ કહી તેમાં પરભાવની નાસ્તિ આવી જ ગઇ, એવું અનેકાન્તનું બળ છે; તેમ અહીં ૪૭ શક્તિમાં જીવત્વ, જ્ઞાન વગેરે શક્તિઓ અસ્તિરૂપ વર્ણવી તેમાં રાગાદિનો અભાવ તો આવી જ ગયો. જ્ઞાનાદિ શક્તિઓ રાગાદિ પરભાવની નાસ્તિપણે જ પ્રકાશે છે. એટલે શક્તિઓની પ્રતીત કરવા જતાં ભૂતાર્થસ્વભાવનો જ આશ્રય થઇ જાય છે.

**( ૬ ) સાચો જીવ**

જ્ઞાન-દર્શન-સુખ-સત્તા એ આત્માનું જીવન છે. અજ્ઞાન કે રાગાદિભાવો તે ખરેખર જીવનું જીવન નથી. જીવ તેને કહ્યો કે પોતાના નિર્મળ જ્ઞાનાદિ ભાવોવડે જે જીવે. એકલા રાગદ્વેષથી કે જડપ્રાણોથી જીવે તેને જીવ નથી કહેતા, એટલે વ્યવહારજીવને પરમાર્થે જીવ નથી કહેતાં. પરમાર્થજીવ-સાચો જીવ-શુદ્ધજીવ તેને કહીએ કે જે શુદ્ધ જીવત્વ વડે જીવે. એટલે સમ્યગ્દર્શન થયું ત્યારથી જ શુદ્ધ જીવન જીવનારો થયો ને એને જ શુદ્ધજીવ કહ્યો વિકારી ભાવને કે ઇન્દ્રિયવાળો વગેરેને

ખરેખર જીવ કહેતા નથી. એ સાચો જીવ નથી, જીવનું સાચું સ્વરૂપ એ નથી. જ્ઞાન–દર્શન–સુખ–સત્તારૂપ ભાવપ્રાણથી જીવન જીવે તે જ સાચો જીવ છે, તે જ જીવનું સાચું સ્વરૂપ છે.

**( ૭ ) 'શક્તિ'માં ચાર ભાવો છે, ઉદયભાવ નથી**

આ જીવત્વ વગેરે શક્તિઓ ત્રિકાળ પરમ પારિણામિકભાવે છે; અને તે પરમસ્વભાવના આશ્રયે તેની જે નિર્મળ પરિણતિ પ્રગટે તેને ક્ષાયિક ક્ષાયોપશમિક અથવા ઔપશમિક ભાવ કહેવાય છે. વિકાર ઔદયિકભાવે છે તેને ખરેખર શક્તિની પર્યાય કહેતા નથી, શક્તિની પર્યાય તેને જ કહીએ છીએ કે શક્તિના અવલંબને જે નિર્મળરૂપે પરિણમે. જ્ઞાનશક્તિની પર્યાય સમ્યગ્જ્ઞાનને જ કહેવાય, અજ્ઞાનને જ્ઞાન–શક્તિની પર્યાય કેમ કહેવાય ? વિકાર એ કાંઇ શક્તિનું કાર્ય નથી. એટલે શક્તિમાં સામાન્ય અપેક્ષાએ પારિણામિક ભાવ, અને વિશેષ અપેક્ષાએ ત્રણ નિર્મળભાવો લાગુ પડે છે, પણ ઉદયભાવ તેમાં લાગુ પડતો નથી.

**( ૮ ) કેવળજ્ઞાની જેવો શક્તિસંપન્ન**

કેવળજ્ઞાનીપ્રભુને એક સાથે અનંતશક્તિઓ છે, તેમ દરેકેદરેક આત્મામાં અનંતશક્તિઓ એક સાથે વર્તે જ છે એ શક્તિનું ભાન કરતાં તેનું સમ્યક્પરિણમન થઇને કેવળજ્ઞાનાદિ પ્રગટે છે.

**( ૯ ) ચૈતન્યશક્તિનો રસ આવે તો તેમાં એકાગ્ર થાય**

આત્મવસ્તુમાં જ્ઞાન અને અનંતશક્તિઓ છે, તેના વગર આત્માનું સ્વરૂપ સિદ્ધ ન થાય. જેને ચૈતન્યશક્તિનો રસ આવે ને તેની કિંમત ભાસે તે શક્તિમાન એવા આત્મસ્વભાવ ઉપર મીટ માંડીને તેમાં એકાગ્ર થાય. જેને જેનો રસ હોય તે તેમાં એકાગ્ર થાય છે; તેમ જેને ચૈતન્યશક્તિનો રસ છે તે પોતાની ચૈતન્યશક્તિમાં એકાગ્ર થાય છે; ને એકાગ્ર થતાં ઉપશમ–ક્ષયોપશમ કે ક્ષાયકભાવ પ્રગટ થાય છે, ને ઉદયભાવ છૂટતો જાય છે. ચૈતન્યશક્તિઓ પારિણામિકભાવે છે અને તેવી નિર્મળ વ્યક્તિઓ ક્ષાયિક ક્ષાયોપશમિક, કે ઔપશમિકભાવે છે, એમાં ઉદયભાવરૂપ રાગ ન આવે. જડના સંબંધની તો વાત જ કયાં રહી ? રાગાદિભાવો તે શક્તિની જાત નથી પણ શક્તિથી વિરુદ્ધભાવ છે.

**( ૧૦ ) અસંખ્યપ્રદેશનો ચૈતન્યરાજા**

ચૈતન્યભગવાન અસંખ્યપ્રદેશોનો રાજા છે, પોતાના અસંખ્યપ્રદેશોમાં તે શોભે છે; અસંખ્ય પ્રદેશો એ એનો સ્વદેશ છે; ને તે સ્વપ્રદેશોમાં અનંતગુણોરૂપી અનંતપ્રજા પરસ્પર સંપીને સહભાવપણે રહેલ છે. એકેક ગુણ સ્વસામર્થ્ય રૂપ વૈભવથી પરિપૂર્ણ છે....આવા વૈભવસંપન્ન અસંખ્યપ્રદેશોનો રાજા આ ચૈતન્યરાજા છે. તેનો મહિમા અચિંત્ય છે. આ રાજા પોતાની સ્વશક્તિમાં રાજે છે–શોભે છે.

**( ૧૧ ) ''જ્ઞાન' કળીમાંથી કેવળજ્ઞાન ખીલે**

''જ્ઞાન'' એટલે જાણવું....જાણવું....જાણવું; એ જાણવામાં વચ્ચે રાગદ્વેષ ન આવે, એટલે વીતરાગભાગરૂપ જ જ્ઞાન રહે; એ જ્ઞાનમાં શાંતિ–સુખ–આનંદ છે. અસંખ્યપ્રદેશ એ

જ્ઞાનનું ઘર છે, જ્ઞાનના ઘરમાં શરીર–રોગ એ કાંઈ પ્રવેશી જતું નથી. જ્ઞાનભાવે પરિણમે ને રાગાદિભાવે ન પરિણમે તેને જ જ્ઞાન કહીએ છીએ. રાગ એ કાંઇ જ્ઞાનનું કાર્ય નથી. જ્ઞાનનું કાર્ય જ્ઞાન જ હોય. કમળની કળીમાંથી કાંઇ લીંબોડી ન ખીલે. તેમ ચૈતન્ય–કમળની કળીમાંથી તો કેવળજ્ઞાનાદિ ચૈતન્યકમળ જ ખીલે, તે ચૈતન્યકળીમાંથી કાંઇ રાગાદિ કડવા ભાવ ન ખીલે. એકેક શક્તિ નિજસ્વભાવના સામર્થ્યપણે વર્તી રહી છે, તેની પ્રતીતમાં સમયસારની પ્રસિદ્ધિ છે. સમયસાર એટલે શુદ્ધાત્મા, તેની પ્રતીત કરતાં તેની શક્તિઓ નિર્મળપણે વ્યક્ત થાય છે–પ્રસિદ્ધ થાય છે.

**( ૧૨ ) જ્ઞાનમાં જ સુખ**

‘સુખ’ શક્તિથી ભરપૂર આત્મા છે; તેના જ્ઞાન સાથે સુખ પણ ભેગું જ વર્તે છે. જ્ઞાનમાં આકુળતા નથી, જ્ઞાન જ્યાં જ્ઞાનરૂપ થયું ત્યાં તે નિરાકુળ થયું, એટલે નિરાકુળતારૂપ સુખ તેમાં સમાઇ ગયું. આવા જ્ઞાન સાથેના સુખને બદલે કયાંય બીજે બહારના સાધનમાં સુખ ગોતવા જાય તો તે જીવને આત્મગુણોની પ્રતીત નથી; તેને એકાંતવાદી પશુ કહ્યો છે. જ્ઞાનમાં સુખ ભેગું જ છે; જ્ઞાનથી ભિન્ન કયાંય બીજે સુખ નથી.

**( ૧૩ ) શહેનશાહ ભીખ માગે છે તે શરમ છે!**

અરે જીવ! તારી શક્તિઓ તને ન ભાસે, ને તું બહારમાં બીજા પાસે તારા ગુણોની ( સુખ વગેરેની ) ભીખ માંગ, એ તો જેમ કોઇ શહેનશાહ ભીખ માંગવા નીકળે એના જેવી શરમ છે. અરે, તું અનંતી અચિંત્ય શક્તિઓનો શહેનશાહ, સુખ ને જ્ઞાનના નિધાનથી પરિપૂર્ણ, અને ઇન્દ્રિયવિષયો–લક્ષ્મી વગેરે જડ પાસેથી તું તારું સુખ માંગવા જા–એ તે કાંઇ તને શોભે છે? અને તું બીજા પાસે સુખ માંગ તેથી કાંઇ કોઇ તને સુખ આપે છે?–ના; એ તો કહે છે કે તારું સુખ કાંઇ અમે લૂંટી નથી ગયા કે તે તને આપીએ. જેમ તારું સુખ બીજા પાસે નથી, તારામાં જ છે, તેમ તારો સુખમાર્ગ–તારા દર્શન–જ્ઞાન–ચારિત્ર પણ બીજા પાસે નથી, તારામાં જ છે; ને તારા આશ્રયે જ તે પ્રગટે છે.

**( ૧૪ ) સ્વશક્તિનો વિશ્વાસ કર**

રે જીવ! મારામાં મારો આનંદ છે એવો વિશ્વાસ તો કર. તને જગતનો વિશ્વાસ છે પણ તારો પોતાનો વિશ્વાસ નથી! સંતો પોતે અનુભવીને આત્માની શક્તિઓ બતાવે છે, તેને તું સ્વાનુભવથી જાણીને પ્રતીતમાં લે, તો તારું પરમાં ભટકવાનું મટી જાય, ને સ્વશક્તિનું સુખ તને અનુભવમાં આવે.

**( ૧૫ ) ‘સુખ’-તેમાં દુઃખનો પ્રવેશ નથી**

‘સુખ’ તે આત્માનું પ્રયોજન છે. આત્મામાં સુખશક્તિ હોવાથી આત્મા જ સ્વયં સુખરૂપ થાય છે. સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન–સમ્યક્ચારિત્ર એ ત્રણે સુખરૂપ છે. મોક્ષ અને મોક્ષમાર્ગ સુખરૂપ છે; આત્માનો ધર્મ સુખરૂપ છે, દુઃખરૂપ નથી. હે જીવ! તારી સુખશક્તિમાંથી જ તને સુખ મળશે, બીજે કયાંયથી તને સુખ નહિ મળે. તારો સ્વભાવ સુખ છે તેમાં દુઃખ નથી, તારો સ્વભાવ જ્ઞાન છે તેમાં અજ્ઞાન નથી.

તારી સુખશક્તિ એવી છે કે જ્યાં દુઃખ કદી પ્રવેશી શકતું નથી. માટે આત્મામાં ડુબકી મારીને તારી સુખશક્તિને ઉછાળ. ઉછાળ એટલે કે પર્યાયમાં પરિણમાવ, જેથી તારા સુખનો પ્રગટ અનુભવ તને થશે. તું જ્યાં છો ત્યાં જ તારું સુખ છે. ઈન્દ્રપદમાં ય જે સુખ નથી તે સુખ આત્મામાં છે. આત્માની સુખપરિણતિ જે પ્રગટી તે સદાકાળ આત્મા સાથે રહે છે. ચૈતન્યશક્તિનો રસ અદ્‌ભુત છે; એની શાંતિ અપાર છે.

**( ૧૬ ) વચનાતીત**

આત્માના પ્રદેશો અસંખ્ય, તેમાં અનંતાગુણો; જ્યાં એક ગુણ છે ત્યાં જ અનંતગુણો છે. એ અનંતગુણો શબ્દોથી ન કહી શકાય, કેમકે શબ્દો તો સંખ્યાતા જ છે ને ગુણો અનંત છે. પણ આત્માના સ્વાનુભવમાં બધાય ગુણોનું વેદન એક સાથે થઇ જાય. ચૈતન્યને ભેટતાં અનંતગુણનો રસ પીવાય છે. આવો અનુભવ એ જ અનેકાન્તનું ફળ છે. એ અનુભવ વચનમાં ને વિકલ્પમાં પૂરો આવતો નથી, એટલે વચન કે વિકલ્પવડે તે અનુભવ થતો નથી, શક્તિસ્વભાવની સન્મુખતાથી જ તે અનુભવ થાય છે, તેનો આનંદ વચનાતીત છે. વચનમાં તો માત્ર ઈશારા આવે.

**( ૧૭ ) તદ્રૂપ પરિણમનપૂર્વક પ્રતીત**

પરાંગ્મુખ રહીને આત્મશક્તિની પ્રતીત થઈ શકતી નથી. આત્મશક્તિની પ્રતીત આત્મ સન્મુખતાવડે જ થાય છે. આત્મસન્મુખ થતાં પર્યાયમાં શક્તિનું નિર્મળ પરિણમન થાય છે; એટલે પર્યાયમાં નિર્મળ પરિણમનપૂર્વક જ આત્મશક્તિઓની પ્રતીત થાય છે. પર્યાયમાં એકલી મલિનતા રહીને નિર્મળશક્તિની સાચી પ્રતીત થઇ શકતી નથી. અજ્ઞાનરૂપ રહીને જ્ઞાનશક્તિની પ્રતીત ન થાય, પણ જ્ઞાનરૂપ થઇને જ જ્ઞાનશક્તિની પ્રતીત થાય છે; એકલા દુઃખરૂપ રહીને સુખશક્તિની પ્રતીત થતી નથી પણ સુખની અનુભૂતિપૂર્વક સુખશક્તિની પ્રતીત થાય છે. એ રીતે આત્મગુણોમાં તદ્રૂપ પરિણમીને જ ગુણની પ્રતીત થાય છે, અર્થાત્ શુદ્ધ પરિણતિ વડે જ આખો શુદ્ધાત્મા પ્રતીતમાં આવે છે; એકલા વિકારમાં તદ્રૂપ રહીને શુદ્ધાત્માની કે તેની શક્તિની પ્રતીત થઇ શકે નહિ.

**( ૧૮ ) "બળનું ઝાડ"**

આત્મા સ્વવીર્યથી પોતાના અનંત ગુણોની નિર્મળ પર્યાયોને ઉપજાવે છે. અનંતા ગુણોની નિર્મળ શાખાને ઉપજાવે એવાં બળનું ઝાડ આત્મા છે. ચૈતન્યનું વીર્યવૃક્ષ કેવળજ્ઞાન–કેવળદર્શન–અનંતસુખ–અનંતવીર્ય વગેરે ઉત્તમ ફળોને નીપજાવે છે. ચૈતન્યવીર્યનું વૃક્ષ અનંતગુણોની નિર્મળશાખા–પર્યાયોને સ્વાધીનપણે રચે છે–એવું એનું સામર્થ્ય છે. એની સ્વસન્મુખ પ્રતીત કરતાં મોક્ષવીર્ય પ્રગટે છે એટલે કે નિજસામર્થ્યથી સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પર્યાયોની રચના થાય છે. જીવનો આવો સ્વભાવ છે.

**( ૧૯ ) નિર્મળશક્તિસંપન્ન આત્મા તે જ ખરો આત્મા**

**અહીં વિશેષતા એ બતાવવી છે કે નિર્મળ પર્યાયોની રચનામાં જ આત્મશક્તિઓ કારણ-**

રૂપ છે, ને નિર્મળ પર્યાયો જ શક્તિનું કાર્ય છે. જે વિકાર છે તેની રચનામાં આત્મશક્તિ ખરેખર કારણરૂપ નથી, ને વિકાર પર્યાય તે ખરેખર આત્મશક્તિનું કાર્ય નથી. એટલે નિર્મળ પર્યાયરૂપ પરિણમી તે શક્તિને જ નિશ્ચય–આત્મા ( પરમાર્થ આત્મા ) કહ્યો, અને મલિન પર્યાયરૂપ પરિણમનને વ્યવહાર–આત્મા કહ્યો, એટલે તેને ખરેખર આત્મા ન કહ્યો. આમ વ્યવહારના નિષેધ અને નિશ્ચયના સ્વીકાર પૂર્વક જ શુદ્ધ આત્મશક્તિ પ્રતીતમાં આવે છે. આવો અનેકાન્ત તે જૈનનીતિ છે. આવી જૈનનીતિને સમ્યદ્રષ્ટિ જીવો જ જાણે છે.

**( ૨૦ ) શક્તિઓના જ્ઞાનનું ફળ : શુદ્ધાત્મપ્રસિદ્ધિ**

મંદ રાગ તે ચૈતન્યની વીર્યશક્તિનું ખરૂં કાર્ય નથી; ચૈતન્યની વીર્યશક્તિનું ખરૂં કાર્ય તો વીતરાગી નિર્મળ પર્યાયની રચના કરવાનું છે એટલે આત્મા શુભ રાગને રચે, કે શુભરાગ વડે આત્માની નિર્મળ પર્યાય રચાય એ વાત રહેતી નથી. રાગની રચના કરે તેને આત્મા કહેતા નથી, નિર્મળ પર્યાયને રચે એટલે કે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપે પરિણમે તેને જ શુદ્ધ આત્મા કહીએ છીએ. અને તેની પ્રસિદ્ધિ તે જ આ શક્તિઓના જ્ઞાનનું ફળ છે.

**( ૨૧ ) ઉત્તમ આત્મા...ઉત્તમ શરીર**

પ્રભો, જગતમાં જે ઉત્કૃષ્ટ આત્મશક્તિઓ છે તે બધી આત્મશક્તિઓ આપને પ્રગટી ગઇ છે; આપને પૂરું જ્ઞાન ને પૂરી શાંતિ પ્રગટી, ત્યાં જગતના શાંતરસવાળા બધા પરમાણુઓ પણ આપની પાસે આવીને શાંત–દેહરૂપ પરિણમી ગયા. જુઓ તો ખરા, નિમિત્ત–નૈમિત્તિક સંબંધ ! આત્માનો કોઇ અદ્‌ભુત સ્વભાવ છે–એને જાણતાં જ્ઞાનીને આનંદ થાય છે ને અલૌકિક મહિમા આવે છે. સર્વજ્ઞતા આદિ ઉત્કૃષ્ટ શકિતઓ જે આત્માને પ્રગટી, ત્યાં જગતના બધા ઉત્કૃષ્ટ પરમાણુઓ તે આત્માના દેહરૂપ પરિણમ્યા; કોઈ પરમાણુ બાકી ન રહ્યા. જેટલી ઉત્કૃષ્ટ ચૈતન્ય શક્તિઓ હતી તે આત્મામાં પ્રગટી ગઈ, અને જેટલા ઉત્કૃષ્ટ પરમાણુઓ હતા તે દેહરૂપ રચાઈ ગયા. એવો જ લોકોત્તર મેળ છે. ચૈતન્યનું પરિણમન ઉત્કૃષ્ટ થયું ત્યાં જગતના રજકણો પણ ઉત્કૃષ્ટ દેહપર્યાયરૂપે પરિણમ્યા.

**( ૨૨ ) શક્તિની પ્રતીતદ્વારા સાધકની પરિણતિ ઊભરાય છે ને કેવળજ્ઞાનને તેડાવે છે**

જેમ ખોવાયેલો વહાલો પુત્ર આવે ત્યાં તેને દેખતાં જ માતાના હૈયામાં વાત્સલ્યથી દૂધ ઊભરાય છે. તેમ આત્મશક્તિઓને દર્શાવનારી ભગવાનની વાણી સાંભળતાં જ મુમુક્ષુના હૈયામાં આત્મશક્તિના અંકુરા જાગે છે...પરિણતિમાં આનંદના દૂધ ઊભરાય છે. અરે, આત્મશક્તિની આવી વાત સાંભળતાં કોને પર્યાયમાં નિર્મળતા ન ઉલ્લસે ? જેણે આવી શક્તિઓવાળા આત્માને પ્રતીતમાં લીધો તેણે કેવળજ્ઞાનને પોતાના આંગણે તેડાવ્યું. શક્તિની પ્રતીત કરી ત્યાં ભાન થયું કે અમારા આત્મામાં કેવળજ્ઞાન જ શોભે....અલ્પજ્ઞતા કે વિકાર તે અમારા આત્મામાં ન શોભે.....કેવળજ્ઞાનનો જ આદર

રહ્યો એટલે તેણે કેવળજ્ઞાનને પોતાના ઘરે બોલાવ્યું. તે ‘સર્વજ્ઞપુત્ર’ થયો...તે જિનેશ્વરદેવનો લઘુનંદન થયો.

### ( ૨૩ ) અદ્‌ભુત નિધિવાળો ચૈતન્યરત્નાકર

આત્મા અનંત શક્તિસંપન્ન ચૈતન્ય રત્નાકર છે. જેમ સમુદ્રમાં અનેક રત્નો હોય છે તેથી તેને ‘રત્નાકર’ કહેવાય છે; તેમ આત્માની એકેક શક્તિ તે અચિંત્ય મહિમાવંત ગુણરત્ન છે, એવા અનંતા ચૈતન્યરત્નો આ આત્મામાં છે તેથી આત્મા અદ્‌ભુતનિધિવાળો ચૈતન્યરત્નાકર છે. પાણીના સમુદ્રમાં રત્નો તો સંખ્યાતા કે બહુ તો અસંખ્યાતા હોય, પણ આ ચૈતન્યસમુદ્રમાં તો અનંતરત્નો છે. જેનું એકેક રત્ન અપાર મહિમાવાળું છે એવા આ અદ્‌ભુત ચૈતન્યરત્નાકરના મહિમાની શી વાત ?–એની પ્રભુતાની શી વાત ? અહા ! મારામાં જ આવા નિધાન ભરેલા છે પછી પરાશ્રયની પરાધીનતાથી મારે શું પ્રયોજન છે ? પોતાના ચૈતન્યનિધાનની મહત્તા ભાસતાં આખા જગતની મહત્તા ઊડી જાય છે, ને સ્વવીર્યનો વેગ આત્મા તરફ વળીને આત્માની પ્રભુતાને સાધે છે.

### ( ૨૪ ) સિદ્ધની પ્રભુતા ને તારી પ્રભુતામાં ફેર નથી

હે જીવ ! સિદ્ધભગવંતોને અખંડ પ્રતાપવંતી સ્વતંત્રતાથી શોભીત જેવી પ્રભુતા પ્રગટી છે તેવી જ પ્રભુતા તારા આત્મામાં છે. તારા આત્માની સ્વતંત્ર પ્રભુતાના પ્રતાપને કોઈ ખંડિત કરી શકે તેમ નથી. અનાદિથી તેં જ તારી પ્રભુતાને ભૂલીને તેનું ખંડન કર્યું છે. હવે તારા આત્મસ્વભાવની પ્રભુતાને પ્રતીતમાં લઇને તેનું અવલંબન કર, તેથી તારી પામરતા ટળી જશે ને અખંડ પ્રતાપવાળી ચૈતન્યપ્રભુતાથી તારો આત્મા સ્વતંત્રપણે શોભી ઊઠશે...તું પણ અનંતસિદ્ધોની વસ્તીમાં જઇને સાદી–અનંત રહીશ.

### ( ૨૫ ) સમ્યગ્દર્શનમાં પ્રભુતા

સમ્યગ્દર્શન થતાં જ આત્મામાં પ્રભુતાનો અંશ પ્રગટે છે. સમ્યગ્દર્શન વગરના જીવો, શક્તિપણે પ્રભુ હોવા છતાં પર્યાયમાં પામર છે. જે જીવ સમ્યગ્દર્શન વડે આત્માની પ્રભુતાને ઓળખે છે, તે જીવ અલ્પકાળમાં ‘પ્રભુ’ થઈ જાય છે. સ્વતંત્રતાથી શોભિત એવી પ્રભુતાના અખંડ પ્રતાપને કોઈ તોડી શકતું નથી. સમ્યગ્દર્શન થતાં જ આત્માની પ્રભુતા પ્રગટવા માંડી. રત્નત્રયમાં સમ્યગ્દર્શનને પણ દેવ કહેલ છે.

### ( ૨૬ ) વીતરાગી વીરની સાચી વીરતા

વીર્યવંત આત્માની સાચી વીરતા તો એમાં છે કે પોતે પોતાના વીતરાગી શાંતરસની રચના કરે...આવી વીતરાગી વીરતા વડે પોતાની પ્રભુતાને પ્રગટાવે તે જ સાચો વીર છે. વિકાર વડે સ્વરૂપને હણે એને વીર કેમ કહેવાય ? પોતાના નિર્મળ સ્વરૂપની રચના ન કરી શકે તેને વીર કોણ કહે ? રાગને તોડીને પોતાના નિર્મળ સ્વરૂપને રચે, પોતાની પ્રભુતાને પ્રગટ કરે એ જ ખરો વીર છે. આવી વીરતા એ આત્માની વીર્યશક્તિનું ખરૂં કાર્ય છે. અને એ જ અદ્‌ભુત મહિમા છે. વીતરાગી વીરની એ જ સાચી વીરતા છે કે નિર્મળ વીતરાગભાવની રચના કરે.

**( ૨૭ ) આનંદમાં આવી જા....**

આ ચૈતન્યચક્રવર્તીના અદ્‌ભુતનિધાનને જ્યાં જીવે જાણ્યા ત્યાં ચક્રવર્તીપદના ૧૪ નિધાનનો આદર પણ ક્ષણમાત્રમાં છૂટી જાય છે. અરે, એકવાર આનંદમાં આવી જા...કે અહો, આવા નિધાનનો સ્વામી હું! સ્વભાવની શક્તિનો ઉલ્લાસ લાવીને એકવાર પ્રસન્ન થા...પ્રસન્ન થઇને સ્વશક્તિને સંભાળતાં જ તને અપૂર્વ આનંદ થશે. આ જે આનંદ આવ્યો એવા પૂરેપૂરા આનંદથી મારું આખું તત્ત્વ ભરેલું છે,–એમ સ્વસંવેદનથી પ્રતીતમાં આવે છે. ને સમસ્ત રાગનું સ્વામિત્વ ઊડી જાય છે. અહા, જીવ! સંતોએ તને તારા અચિંત્ય નિધાન દેખાડયા...એને દેખીને તું હવે આનંદમાં આવી જા.

**( ૨૮ ) સિંહ જાગ્યો ને હરણાં ભાગ્યા**

જેને પોતાની પ્રભુતાનું ભાન નથી એવો પામર જીવ રાગના એક કણિયાને પણ છોડી શકતો નથી; પોતાની પ્રભુતાને જાણનાર જ્ઞાની ધર્માત્મા તો ક્ષણમાત્રમાં સર્વ રાગને છોડે છે. એક સમયમાં સાધકને જ્ઞાન ને રાગ બંને સાથે, છતાં તેમાં જ્ઞાન તો જ્ઞાનીને સ્વપણે અનુભવાય છે ને રાગ તે સ્વભાવથી પરપણે અનુભવાય છે.–આમ એક જ પર્યાયમાં વર્તતા બે ભાવો વચ્ચે પણ ધર્મીને ભેદજ્ઞાન વર્તે છે, પોતાની પ્રભુતાને સંભાળીને જે વીર જાગ્યો તેની સામે વિકારશત્રુઓ ઊભા રહી શકે નહિ, ચૈતન્યસિંહ પોતાની વીરતાથી જાગ્યો ત્યાં વિકારરૂપી હરણીયાં ભાગ્યા.

**( ૨૯ ) ચૈતન્ય રાજાની પ્રભુતા-તેમાં મેલ નથી**

''ચૈતન્ય હીરો'' જેને હાથ આવ્યો તે દુર્ગંધિત એવા વિકારને કેમ પકડે? આ ચૈતન્યરાજા નિજગુણોમાં રાજે છે–શોભે છે–મ્હાલે છે. એમાં મેલ કેવો? વિકાર કેવો? જેમ 'રાજા'ની પ્રભુતા કોઇ ખંડિત કરી ન શકે, તેમ ચૈતન્યરાજાની પ્રભુતાને કોઈ હણી શકે નહિ; આવી એની પ્રભુતાથી સ્વતંત્રપણે તે શોભે છે. પરાશ્રયમાં–પરાધીનતામાં શોભા નથી, સ્વાધીનતામાં ને સ્વાશ્રયમાં જ શોભા છે. સ્વભાવશક્તિની પ્રભુતાને જાણીને જે પર્યાયે તેનો આશ્રય લીધો તે પર્યાય પણ સ્વાધીન પ્રભુતાથી શોભી ઊઠે છે. ચૈતન્યરાજાની આવી પ્રભુતા ખીલી તેમાં મેલ નથી.

**( ૩૦ ) જ્ઞાનવડે 'જ્ઞાયક'ને જાણ**

જ્ઞાન છે તે જણાવાયોગ્ય પરજ્ઞેયોથી ભિન્ન છે, પણ જાણનારથી તે ભિન્ન નથી. જાણનાર એવો જે જ્ઞાયકસ્વભાવ, તેની સાથે જ્ઞાનની એકતા–તન્મયતા તે ધર્મ છે, તેમાં શાંતિ છે, તેમાં સ્વપુરુષાર્થ છે, તેમાં આત્માની પ્રભુતા છે રાગાદિમાં ને પરમાં જ્ઞાનનું એકત્વ માનવું તે તો પામરતા છે. તેમાં અશાંતિ છે, ભાઇ, તું જાણનારને જાણ; જ્ઞાનવડે; જેનું જ્ઞાન છે તેને જાણ; એટલે કે સ્વસંવેદનથી પોતાને જાણ.

**( ૩૧ ) જ્ઞાનનો વિસ્તાર રાગમાં નથી.**

પોતે પોતાને સ્વસંવેદનથી જાણતાં રાગાદિભાવો જુદા રહી જાય છે, કેમકે સ્વભાવમાં તે રાગાદિભાવો અભૂતાર્થ છે એટલે કે અભાવ

રૂપ છે. રાગમાં આત્માની પ્રભુતા નથી, જ્ઞાનમાં આત્માની પ્રભુતા છે. પ્રભુનો વિસ્તાર પોતાના અનંત ગુણોમાં છે, પરંતુ પ્રભુનો વિસ્તાર રાગમાં નથી. માટે રાગથી જુદો પડીને તારી પ્રભુતાને પ્રતીતમાં લે...તો તારા આત્માના અનંત ગુણોનું પરિણમન પ્રભુતાથી શોભી ઊઠશે. એ પ્રભુતામાં જ્ઞાનનો વિસ્તાર ફેલાશે, ને રાગનો વિનાશ થઈ જશે.

**( ૩૨ ) તું પરને વળગ્યો છો...જ્ઞાનપ્રકાશી સૂર્યમાં અંધારુ નથી**

ભાઈ, પર ચીજ કાંઈ તને વળગતી નથી, પણ તું જ સામેથી પરને વળગે છે કે 'આ ચીજ મને રોકે.'–એમ તારી પોતાની ઊંધાઈથી તું હેરાન થાય છે, પર ચીજ કાંઇ તને વળગીને હેરાન કરતી નથી. અરે, તું જ્ઞાનપ્રકાશી સૂર્ય...તેમાં વળી અજ્ઞાનના અંધારા કેવા ? તેમાં પરદ્રવ્ય કેવા ! જેમ સૂર્યમાં અંધારૂં હોય નહિ; કદી સૂર્ય એમ કહે કે મને અંધારૂં હેરાન કરે છે ! તો કોણ માને ? સૂર્ય હોય ત્યાં અંધારૂ હોય નહિ. તેમ તું ચૈતન્યપ્રકાશી સૂર્ય જગતનો પ્રકાશક જ્ઞાનભાનુ–તે એમ કહે કે મને આંધળા કર્મ વગેરે પરદ્રવ્યો હેરાન કરે છે !–તો કોણ માને ? ભાઇ, તારા ચૈતન્યના પ્રકાશમાં પરદ્રવ્યો કદી પેસે નહિ. ચૈતન્ય પ્રકાશ ખીલ્યો ત્યાં પરદ્રવ્ય તો બહાર જ દૂર રહે છે. અહા, તારા ચૈતન્ય સ્વરૂપમાં પ્રવેશ કરતાં મન પણ જ્યાં મરી જાય છે ( મનનુંય અવલંબન છૂટી જાય છે ) ત્યાં કર્મોની શી ગતિ ? કર્મની કે કોઇની તાકાત નથી કે આ ચૈતન્યની પ્રભુતાના પ્રતાપને ખંડિત કરે. આવા અખંડિત પ્રતાપથી આત્માની પ્રભુતા શોભી રહી છે.

**( ૩૩ ) સમ્યગ્દૃષ્ટિની પરિણતિ**

જેમ સૂર્યમાં અંધકાર નહિ તેમ પ્રભુતામાં પામરતા નહિ. સમ્યગ્દૃષ્ટિની નિર્મળ પરિણતિમાં રાગનો ને સંયોગનો અભાવ વર્તે છે. સમ્યગ્દૃષ્ટિને રાગ હોય ત્યાં અજ્ઞાની માત્ર રાગને જ દેખે છે, ને સમ્યગ્દૃષ્ટિ તે વખતે રાગ જ કરતો હોય–એમ તેને લાગે છે. પરંતુ તે જ વખતે રાગ વગરનું જે નિર્મળ પરિણમન સમ્યગ્દૃષ્ટિને વર્તી રહ્યું છે તેને અજ્ઞાની ઓળખી શકતો નથી. જો એ નિર્મળ ભાવને ઓળખે તો તો સ્વભાવ અને રાગ વચ્ચેનું ભેદજ્ઞાન થઈ જાય.

**( ૩૪ ) ચૈતન્ય-વેપારીની વખારનો ચોકખો માલ**

અનંત ગુણોના વૈભવથી ભરપૂર આ ચૈતન્ય વેપારી નિર્મળભાવોનો વેપાર કરનારો છે. મલિન ભાવોનો વેપાર કરનારો તે નથી. મલિનતા એ માલ ચૈતન્યની વખારનો નહિ, ચૈતન્યની વખારમાં તો અનંતા નિર્મળગુણોનો માલ ભર્યો છે, પણ ચૈતન્યની વખારમાં કયાંય વિકાર નથી ભર્યો. આ ચૈતન્યવેપારી ચોખ્ખા માલનો જ વેપાર કરનાર છે, મલિન કે ભેળસેળવાળો માલ એની વખારમાં નથી; તેમજ ગમે તેટલો માલ કાઢવા છતાં એના ભંડાર કદી ખૂટતા નથી. આવા અખૂટ ભંડારવાળા આત્મસ્વભાવને હે જીવ ! તું જાણ.

**( ૩૫ ) મુમુક્ષુનો ઝણઝણાટ**

અહા, પુરુષાર્થની તૈયારીવાળો મુમુક્ષુજીવ

તો સ્વભાવની અનંતશક્તિ સાંભળતાં અંદરમાં એમ ઉલ્લસી જાય કે–ઝણઝણાટ મારતો હું અંદર ઊતરું–કે તરત મારા અનંત ગુણોની ખીલવટ કરું. સ્વભાવનો તાગ લેવા ઊંડે ઊતર્યો ત્યાં વિકલ્પનો રસ રહેતો નથી, વિકલ્પ તૂટીને સ્વભાવના મહિમામાં જ્ઞાન લીન થઈ જાય છે. આમ નિજશક્તિનો મહિમા સાંભળતાં મુમુક્ષુની પરિણતિ ઝણઝણાટ કરતી અંતર્મુખ થાય છે.

**( ૩૬ ) બહાદુર સાધક**

જેમ બહાદુર વીર્યવાન બાળક સિંહથી યે ડરે નહિ, ઊલટો સિંહનું મોઢું ઝાલીને કહે છે કે ઉઘાડ તારું મોં, મારે તારા દાંત ગણવા છે! તેમ ચૈતન્યને સાધનારો વીર્યવાન –બહાદૂર સાધક કર્મરૂપી સિંહથી ડરે નહિ, જ્યાં એ પોતાના સ્વરૂપમાં લીન થાય ત્યાં કર્મો તો ક્યાંય દૂર ભાગી જાય. ‘શું કરીએ, કર્મો હેરાન કરે છે, પ્રતિકૂળતા ઘણી છે’– એમ જે ડરપોક છે–કાયર છે તે ચૈતન્યને સાધી શકતો નથી. ચૈતન્યને સાધવા જે અંતરમાં ઊતર્યો તે વીરને જગતમાં કોઈ રોકી શકે નહિ, એને કોઇનો ભય હોય નહિ. આ રીતે આત્માને સાધનારા સાધકો બહાદૂર હોય છે, પુરુષાર્થવંત હોય છે, પોતાની અચિંત્યશક્તિનો તેને ભરોસો છે, તેથી તે નિઃશંક અને નિર્ભય છે.

–વિશેષ આવતા અંકે

## તને શરમ નથી આવતી ?

અરે, ચૈતન્યપ્રભુ! તારી શક્તિના એક ટંકારે તું કેવળજ્ઞાન લે...એવી તારી તાકાત...ને તું કહે છે કે મને મારું સ્વરૂપ ન સમજાય....એમ કહેતાં તને શરમ નથી આવતી? ભવ કરતાં તને શરમ નથી આવતી?–ને ભવના અભાવની વાત સાંભળતાં તને થાક લાગે છે? અરે, સાધક દશાના તારા એક વિકલ્પની એટલી તાકાત કે ઇન્દ્રના ઇન્દ્રાસનનેય એકવાર તો ડોલાવી દે.... જન્મતાં વેંત ત્રણલોકને ક્ષણભર તો ખળભળાવી નાંખે, આટલી તો જેના એક વિકલ્પની તાકાત...તેના આખા પવિત્ર સ્વભાવની કેટલી તાકાત? આવી તાકાતવાળો તું કહે કે મને મારું સ્વરૂપ ન સમજાય !....એમાં તને શરમ નથી આવતી?

नमः समयसाराय

## स्वानुभूत्या चकासते

સ્વાનુભૂતિ કરનારો ભાવ, જેનો સ્વાનુભવ કરવાનો છે એના જેવો શુદ્ધ થાય–એક જાતના થઇને બંને તદ્રૂપ થાય–તો જ સ્વાનુભૂતિ થઈ શકે.

જેની સ્વાનુભૂતિ કરવાની છે એનાથી વિપરીત ભાવ વડે–ભિન્ન ભાવ વડે–તેની સ્વાનુભૂતિ થઈ શકે નહિ.

જેમ કે–

રાગની અનુભૂતિ વીતરાગભાવ વડે થઈ શકે નહિ.

રાગની અનુભૂતિ કરનારો ભાવ રાગરૂપ જ હોય.

વીતરાગભાવમાં રાગની અનુભૂતિ ન હોય.

તેમ શુદ્ધાત્માની વીતરાગી અનુભૂતિ રાગભાવ વડે થઈ શકે નહીં.

શુદ્ધાત્માની અનુભૂતિ કરનારો ભાવ રાગરૂપ ન હોય,

પણ શુદ્ધાત્માની જાતનો જ વીતરાગભાવ હોય.

રાગભાવમાં વીતરાગભાવની અનુભૂતિ ન હોય.

જ્ઞાનસ્વભાવની અનુભૂતિ જ્ઞાનમય ભાવ વડે જ થાય,

અજ્ઞાનમય ( વિકાર ) ભાવ વડે તે અનુભૂતિ ન થાય.

આનંદસ્વભાવી આત્માનો અનુભવ આનંદમય ભાવ વડે થાય,

આકુળતાવડે ન થાય.

અહા, વસ્તુ સન્મુખ થઇને તેમાં ડુબી ગયેલો ભાવ જ વસ્તુને અનુભવે છે.

વસ્તુથી બહાર રહેલો કોઈ ભાવ વસ્તુને અનુભવી શકતો નથી.

**નિર્વિકલ્પ અનુભૂતિનો જય હો.**

卐 卐 卐 卐 卐

# વિ...વિ...ધ... વ...ચ...ના...મૃ...ત

આત્મધર્મનો ચાલુ વિભાગ : લેખાંક–૫ :

વિવિધ વચનામૃતનો આ વિભાગ પ્રવચનોમાંથી, વિવિધ શાસ્ત્રોમાંથી તેમજ રાત્રિચર્ચા વગેરે પ્રસંગો ઉપરથી તૈયાર કરવામાં આવે છે.

## ( ૧૧૫ ) ધર્માત્માનું બહુમાન

માહાત્મ્ય કરવા યોગ્ય દુનિયામાં કાંઇ હોય તો તે એક માત્ર સર્વજ્ઞપ્રણીત ધર્મ અને તેને ધરનાર ધર્માત્મા જ છે. તેનું જ બહુમાન કર; તે ધર્માત્મા વર્તમાન કદાચ નિર્ધનાદિ સ્થિતિમાં હોય તોપણ અલ્પકાળમાં જગતને વંદ્ય, ત્રણ લોકનો નાથ થવાનો છે; અને વર્તમાનમાં પણ તેની પાસે જે સાધકભાવ છે તેનો ત્રણ લોકના વૈભવ કરતાં પણ વધારે મહિમા છે. જેને પોતામાં ધર્મ પ્રિય હોય તેને ધર્માત્મા પ્રત્યે બહુમાન આવે જ. ધર્માત્માનું બહુમાન તે ધર્મનું જ બહુમાન છે. ધર્મ ધર્માત્માથી જુદો નથી.

## ( ૧૧૬ ) અલિંગગ્રહણ આત્મા

પ્રવચનસાર ગા.૧૭૨ માં 'जानीहि अलिंगग्रहणं' કહીને આત્માનું ઘણું સુંદર અલૌકિક વર્ણન કર્યું છે; એ અધિકાર દર્શનશુદ્ધિનો છે, ભેદજ્ઞાનના અપૂર્વ રહસ્યો આચાર્યદેવે એમાં ભર્યાં છે. તે રહસ્ય અપૂર્વપણે વિચારવા જેવાં છે, 'અલિંગગ્રહણ' ભગવાન આત્મા અલિંગગ્રહણથી જ એટલે કે વિકલ્પ વગરના સ્વસંવેદનથી જ અનુભવાય છે. આત્માનો સ્વભાવ રાગમય નથી એટલે રાગવડે તે અનુભવાતો નથી. આત્માનો સ્વભાવ જ્ઞાનમય છે, જ્ઞાનમય થઈને જ તે અનુભવાય છે.

## ( ૧૧૭ ) જિનશાસન

નિશ્ચયથી જે શુદ્ધ આત્માની અનુભૂતિ છે તે સમસ્ત જિનશાસનની અનુભૂતિ છે, એટલે કે આખુંય જિનશાસન 'આત્માની અનુભૂતિ'માં આવી જાય છે. આખા જિનશાસનનો ( એટલે કે સર્વે શ્રુતનો ) સાર એ જ છે કે પરથી ભિન્ન શુદ્ધ આત્માની અનુભૂતિ કરવી. આવી અનુભૂતિ વડે જ વીતરાગતા થાય છે.

## ( ૧૧૮ ) વાહ, આઠ વરસનો છોકરો !

અહા, આઠ વરસનો છોકરો જ્યારે આત્માને જાણીને, વૈરાગ્યથી મુનિ થઇને, હાથમાં મોરપીંછી ને કમંડળ લઇને નાનકડા પગલે વિચરતો હશે...મોટામોટા શ્રાવકો એને કોમળ હાથમાં આહાર કરાવતા હશે...પછી સ્વરૂપધ્યાનમાં લીન થઇને એ નાનકડા મુનિ કેવળજ્ઞાન ઉપજાવતા હશે...એ ધન્ય દેદાર કેવો હશે ? અહા, આઠ વરસનો છોકરો કેવળજ્ઞાનીપણે આકાશમાં વિચરતો હશે...એનો દિવ્ય દેદાર કેવો હશે ?

**( ૧૧૯ ) આત્મા**

* જ્ઞાનલક્ષણથી જે લક્ષિત થાય તે આત્મા. * જ્ઞાનલક્ષણથી અનંતગુણસ્વરૂપ આત્મા લક્ષિત થાય છે. * જ્ઞાનલક્ષણથી રાગ લક્ષિત થતો નથી માટે રાગ તે આત્મા નથી; જે આત્મા નથી તે અનાત્મા છે.

**( ૧૨૦ ) સાથીદાર**

હે જીવ ! તારા અનંત ગુણો જ તારા સદાયના સાથીદાર છે. આ સાથીદાર જ દુઃખથી તારી રક્ષા કરનારા ને તને સુખ આપનારા છે. રાગ તો તારો સાથીદાર નથી, એ તો તારો વિરોધી છે એ તને કાંઇ સુખ આપનાર નથી પણ દુઃખ દેનાર છે, માટે એનો સાથ છોડ.

**( ૧૨૧ ) બાળક**

સોળ વર્ષ કરતાંય નાની ઉમરમાં એક બાળક લખે છે કે–''રાત્રિ વ્યતિક્રમી ગઇ, પ્રભાત થયો, નિદ્રાથી જાગૃત થયા; હવે ભાવનિદ્રા ટાળવાનો પ્રયત્ન કરજો.''

–એ લખનાર હતા શ્રીમદ્ રાજચંદ્ર. આત્માની અનાદિ અજ્ઞાનરૂપ ભાવનિદ્રા કેમ ટળે અને સમ્યગ્જ્ઞાનરૂપી અપૂર્વ પ્રભાત કેમ ઊગે તે વાત નાના બાળક પણ સમજી શકે તેમ છે.

**( ૧૨૨ ) અનુભવજ્ઞાન**

લાખો વર્ષના શાસ્ત્રજ્ઞાન કરતાં એકક્ષણનું અનુભવજ્ઞાન ઘણું મહાન છે.

( ૧૨૩ ) સંતોએ ભગવાનના ભેટા કર્યા છે

કુંદકુંદસ્વામીએ અંદરમાં સર્વજ્ઞસ્વભાવના ભેટા કર્યા હતા, તે ઉપરાંત બહારમાં પણ સીમંધરનાથ સર્વજ્ઞપરમાત્માનો સાક્ષાત્ ભેટો તેમને થયો હતો...ને સર્વજ્ઞની વાણી સાક્ષાત્ ઝીલી હતી.

અમૃતચંદ્રસ્વામીએ પણ અંદરમાં સર્વજ્ઞ ભગવાનના ભેટા કર્યા હતા. સર્વજ્ઞસ્વભાવમાં ઊતરીને, સર્વજ્ઞની વાણીના અચિંત્ય રહસ્યો તેમણે ખોલ્યાં છે.

આવા સંતોની વાણી આ સમયસારમાં છે. ( –૪૭ શક્તિના પ્રવચનમાંથી )

**( ૧૨૪ ) વિલંબ કરીશ નહીં**

ભાઈ, સંતોએ તને તારો જે પરમ સ્વભાવ સંભળાવ્યો, ને તેં પ્રસન્નતાથી તેની હા પાડી...તો હવે તેના અનુભવમાં વિલંબ કરીશ નહીં.

**( ૧૨૫ ) બાહુબલી દર્શન**

પોષ સુદ ૧૦ ના રોજ પૂ. ગુરુદેવે સ્વપ્નમાં આકાશમાં બાહુબલીનાથના અદ્ભુત દેદાર દેખ્યા. સ્વપ્નમાં એ અચિંત્યશક્તિવંત બાહુનાથના અદ્ભુત વૈરાગ્ય દેદારના સાક્ષાત્ દર્શનથી ગુરુદેવને ઘણો જ આહ્લાદ થયો હતો...અને ગુરુમુખે એ મંગલ બાહુબલી–દર્શનનું મંગલ વર્ણન સાંભળતાં ભક્તોને પણ હર્ષ થતો હતો.

## ( ૧૨૬ ) અમૂર્ત....અને ચેતન

* પુદ્‌ગલ મૂર્ત છે. આત્મા અમૂર્ત છે.

* મૂર્તપણું એ પુદ્‌ગલનું અસાધારણ લક્ષણ છે

– પરંતુ–

* અમૂર્તપણું એ આત્માનું અસાધારણ લક્ષણ નથી.

* આત્માનું અસાધારણ લક્ષણ તો ચેતના છે.

## ( ૧૨૭ ) દુઃખ મટાડવાની દવા

હું અન્નપાણી વગેરે દ્વારા સગવડ આપીને બીજાનું દુઃખ મટાડી દંઉ–એમ જે સંયોગથી દુખ–સુખ માને છે, તેને દુઃખ શું છે અને તેનું કારણ શું છે ? એની જ ખબર નથી, તો તે દુઃખ કયાંથી મટાડશે ? હજી તેનું પોતાનું દુઃખ પણ જે મટાડી નથી શકતો તે બીજાનું દુઃખ કયાંથી મટાડશે ?

જીવોને દુઃખ તો પોતાના મોહનું છે. મોહને જે મટાડે તેનું દુઃખ મટે. મોહને મટાડવાનો ઉપાય તો સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર છે. એવા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર વડે જેણે પોતાનો મોહ મટાડયો તેનું દુઃખ મટયું અને જેણે એ રત્નત્રયનો ઉપાય બીજાને દર્શાવ્યો તેણે જ નિમિત્તપણે બીજાનું દુઃખ મટાડયું કહેવાય. જીવને પ્રતિકૂળ સંયોગનું કાંઇ દુઃખ નથી, ને અનુકૂળ સંયોગ વડે કાંઇ તેનુ દુઃખ મટી જતું નથી, એટલે બીજાને અન્ન વગેરે અનુકૂળ સામગ્રી આપીને હું સુખી કરી દઉ એ વાત રહેતી નથી. સામો પ્રાણી પોતે સમ્યગ્જ્ઞાન કરે તો તેનું દુઃખ મટે અને જેણે સમ્યગ્જ્ઞાન વડે મોહ દૂર કર્યો તેને અનુકૂળ સંયોગ હો કે ન હો–તો પણ તે સુખી જ છે. તેથી કહ્યું છે કે–

**જ્ઞાન સમાન બીજાું કોઈ સુખનું કારણ નથી.**

### જ્ઞાનનું ફળ

અહો, અવિનશ્વરજ્ઞાન તે જ જ્ઞાનનું પ્રશંસનીય ફળ છે. પરંતુ, એ મોહનું માહાત્મ્ય છે કે એના સિવાય બીજાું પણ ફળ પ્રાણીઓ ઢૂંઢે છે.–

ज्ञानमेव फलं ज्ञाने ननु श्लाव्यमनश्वरम्

अहो मोहस्य माहात्म्यं यदन्यदपि मृग्यते ।। १ ।।

–ગુણભદ્રસ્વામી

# આ માસની વિવિધ વાનગી

( ચર્ચા અને પ્રવચનો ઉપરથી : પોષ માસ )

## ઓ.....ળ.....ખા.....ણ

ભાઈ, જગત સાથેની ઓળખાણ તને આત્મામાં કામ નહિ આવે; આત્માની ઓળખાણ જ તને કામ આવશે, માટે એની ઓળખાણ કર. અમારે દુનિયાના મોટામોટા માણસો સાથે નજીકની ઓળખાણ–પિછાણ છે–એમ માનીને સંતુષ્ટ થઇ જાય ને આત્માને ભૂલી જાય,–પણ ભાઈ, દુનિયામાં સૌથી મોટો આ આત્મા....એ મોટા પુરુષની ઓળખાણ વગર દુનિયાની ઓળખાણ તને કયાંય શરણરૂપ થવાની નથી. ખરો શરણરૂપ આત્મા છે–તેની ઓળખાણ કર.

## ધ્યાન

* નિજસ્વરૂપ ઉપર મીટ માંડ કે એક ક્ષણમાં મોક્ષ.
* આવા નિજસ્વરૂપના ધ્યાનનો અભ્યાસ હંમેશ કર્તવ્ય છે.
* હે મોક્ષાર્થી! બીજા ઘણા બાહ્ય પદાર્થોથી તારે શું પ્રયોજન છે? આ ચૈતન્ય–પરમાત્માનું જ તું ધ્યાન કર.
* ચૈતન્યનું વીતરાગી ધ્યાન જ મોક્ષનું કારણ છે, બીજાું કોઇ મોક્ષનું કારણ નથી. સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર એ ત્રણે શુદ્ધાત્માના ધ્યાનરૂપ છે.

## આનંદનો માર્ગ પણ આનંદરૂપ છે.

મોક્ષ પરમ આનંદધામ છે. એનો માર્ગ પણ આનંદધામમાં જ છે. રાગ તો આકુળતાનું ધામ છે, તે કાંઇ આનંદનું ધામ નથી, તેથી તેમાં મોક્ષમાર્ગ નથી. જેમ મોક્ષ આનંદસ્વરૂપ છે તેમ તેનો માર્ગ પણ આનંદસ્વરૂપ છે; એમાં આકુળતાનું સ્થાન નથી, એમાં રાગનું સ્થાન નથી. રાગ રાગમાં રહ્યો પણ મોક્ષમાર્ગમાં નથી. જે ભાવ મોક્ષમાર્ગરૂપ છે તેમાં રાગનો અભાવ છે.

## મ...હ....ત્ત્વ...નું

શુદ્ધસ્વભાવને ભૂલીને રાગને–વ્યવહારને ધર્મ માનનારા જીવો નિશ્ચય–વ્યવહાર બંનેને ભૂલી રહ્યા છે; તેઓ વ્યવહારોને તો તેની મર્યાદા કરતાં વધુ મહત્ત્વ આપે છે ને નિશ્ચયનું જે પરમ મહત્ત્વ છે તેને ભૂલી જાય છે.

## આત્મધ્યાન

અંતર્મુહૂર્ત પહેલાં ચોથા ગુણસ્થાને હોય ને અંતર્મુહૂર્તમાં સિદ્ધાલયમાં પહોંચી જાય, એવું ઘણા જીવોને બને છે. પ્રથમના ૧૬ તીર્થંકરોની તીર્થંકરપણાની ઉત્પત્તિના પ્રથમ જ દિવસે અમુક જીવો અંતર્મુહૂર્તમાં જ ચારિત્ર અને કેવળજ્ઞાન પામીને મોક્ષદશા પામ્યા....આવું ચૈતન્યધ્યાનનું અગાધ સામર્થ્ય છે. માટે હે જીવ! તું પણ આવા આત્મધ્યાનમાં તત્પર થા.

## જડવાદી

ઇન્દ્રિયજ્ઞાનથી આત્મા જણાઇ જશે એમ જે માને છે તે આત્માને જડ માને છે, કેમકે ઇન્દ્રિયજ્ઞાનથી જે જણાય તે તો રૂપી અને જડ હોય. રાગ એ પણ ઇન્દ્રિયજ્ઞાનની જ જાત છે; તે રાગવડે આત્મા જણાશે એમ માનનાર પણ ખરેખર આત્માને જડ માને છે; જડથી ભિન્ન આત્માને તે જાણતો નથી.

ચૈતન્યમૂર્તિ અરૂપી આત્મા તો ઇન્દ્રિયાતીત જ્ઞાનનો વિષય છે, રાગથી પાર છે. અચિંત્ય આત્મસ્વભાવને જાણનાર જ્ઞાન પણ અચિંત્ય થઇ ગયું છે.

## જ્ઞાતા બધાયનો, પણ જ્ઞેય થોડાનો

આત્મા બધા દ્રવ્યોનો જ્ઞાતા છે, પરંતુ આત્મા બધા દ્રવ્યોનું જ્ઞેય નથી. જડ-ચેતન બધા પદાર્થોને આત્મા જાણે છે તેથી જ્ઞાતા તો બધા દ્રવ્યોનો છે; પરંતુ સામા ચેતન પદાર્થોનો જ આત્મા જ્ઞેય થાય, અચેતન પદાર્થોનો જ્ઞેય આત્મા થતો નથી, કેમકે અચેતન પદાર્થોમાં જ્ઞાન નથી.

## જ્ઞાતા એક, જ્ઞેય બધાય

જ્ઞેય તો છએ દ્રવ્યો છે પણ જ્ઞાતા એકલું આત્મદ્રવ્ય જ છે. છએ દ્રવ્યોમાં જ્ઞાતાપણું એક જીવમાં જ છે, જ્ઞેયપણું છએમાં છે. એટલે આત્મા બધા પદાર્થોને જાણે છે, પણ બધા પદાર્થો કાંઈ આત્માને નથી જાણતા. આ રીતે જ્ઞાયકપણાની વિશિષ્ટશક્તિ આત્મામાં જ છે.

## જિજ્ઞાસાવૃત્તિ

હું આત્માને જાણું-જાણું એવી જે જિજ્ઞાસાવૃત્તિનું ઉત્થાન તેનાથી આત્મા અનુભવમાં આવતો નથી. જ્યારે આત્મા અંતરમાં એકાગ્ર થઇને નિરાલંબીપણે પોતે પોતાને જાણે અનુભવે ત્યારે એ જિજ્ઞાસાવૃત્તિનું ઉત્થાન મટી જાય છે. જિજ્ઞાસવૃત્તિ હોય પણ તે વૃત્તિમાં જ અટકી રહે તો આત્મા જણાતો નથી, કેમકે વૃત્તિના અવલંબનથી જ આત્મા જણાઈ જતો નથી; તે વૃત્તિના અવલંબનથી આઘો ખસી, જ્ઞાનને નિરાલંબી કરીને અંતરમાં વાળે ત્યારે જ આત્મા સ્વાનુભવથી જાણવામાં આવે છે. અરે જિજ્ઞાસાવૃત્તિનુંય જ્યાં આલંબન નથી ત્યાં બીજા રાગનું કે બહારના નિમિત્તોનું આલંબન કયાંથી હોય ?

# જગતથી જુદો... સ્વાનુભૂતિગમ્ય આત્મા

**હે જીવ! સ્વાનુભૂતિથી તારા જ્ઞાન-દર્શન-આનંદ સ્વરૂપ આત્માને તું જાણ. સ્વાનુભૂતિગમ્ય તારો આત્મા જગતના પદાર્થોથી જુદો છે ને સમસ્ત પરભાવોથી પણ જુદો છે. સ્વાનુભૂતિમાં જે તત્ત્વ આવ્યું તે જ તું છો. અભેદરત્નત્રયપરિણત જીવને નિર્વિકલ્પસમાધિમાં જે પરમતત્ત્વ આનંદસહિત અનુભવાય છે, તે જ આત્મા છે. આવા પરમ તત્ત્વને આ પરમાત્મ-પ્રકાશનાં પ્રવચનો પ્રગટ દેખાડે છે.**

( પરમાત્મપ્રકાશના પ્રવચનોમાંથી : પોષ માસ )

આત્માનું સ્વરૂપ શું છે કે જેના અનુભવથી દુઃખ ટળે ને સુખનો અનુભવ થાય! આમ જેને જિજ્ઞાસા થઇ છે તેને આત્મસ્વરૂપ સમજાવવા આ ઉપદેશ છે. આ ચૈતન્યસ્વરૂપ આત્મા છે તે દેહાતીત છે. તેને દેહ નથી, દેહસંબંધી સ્ત્રી–પુત્રાદિ તેને નથી, બંધુ–બાંધવ તેને નથી, રોગ તેને નથી, લક્ષ્મી વગેરે તેને નથી, કાળો–ધોળો–રાતો વગેરે રંગ તેને નથી, મનુષ્યપણું વગેરે ચારગતિ તેને નથી; ક્ષત્રિય–વણિક–બ્રાહ્મણ વગેરે જાતિ તેને નથી, ધનવાનપણું કે દરિદ્રપણું તેને નથી; દિગંબર–શ્વેતાંબર વગેરે લિંગો તેને નથી; પંડિતપણું, મૂર્ખપણું, શિષ્યપણું, ગુરુપણું વગેરે પણ તેના સ્વભાવમાં નથી. ભાઇ, અન્ય સમસ્ત દ્રવ્યો તો તું નથી, ને અંદર પુણ્ય–પાપના વિકૃતભાવો તે પણ તું નથી.

–તો પછી આત્મા કેવો છે?

આત્મા તો જ્ઞાન છે, આત્મા દર્શન છે, આત્મા સંયમ છે, આત્મા આનંદ છે. અથવા અભેદ રત્નત્રયપરિણત જીવને નિર્વિકલ્પ સમાધિમાં જે પરમ તત્ત્વ આનંદસહિત અનુભવાય છે તે જ આત્મા છે. સ્વાનુભૂતિમાં જેટલું તત્ત્વ આવ્યું તેટલો જ આત્મા છે. પરમ સ્વભાવી આ આત્મા નિર્વિકલ્પ અનુભવમાં પ્રગટ થાય છે. એ સિવાય બીજા કોઇ પરદ્રવ્યમાં કે પરભાવમાં આ પરમસ્વભાવી પરમાત્મા પ્રગટતો નથી.

પોતાને જે દેહાદિથી ભિન્ન નથી જાણતો તે બીજાને પણ દેહ–લક્ષ્મી વગેરેથી મોટા માને છે, ને તેનો પ્રેમ કરે છે; આ બહિરાત્માનાં લક્ષણ છે. ભાઇ, જ્ઞાનમાં–શ્રદ્ધામાં–ચારિત્રમાં જે અધિક હોય તેનો મહિમા તને ન આવ્યો ને લક્ષ્મી વગેરેમાં અધિકનો મહિમા તને આવ્યો તો તેં આત્માને લક્ષ્મીવાળો–જડ માન્યો છે, જ્ઞાનસ્વરૂપ આત્માને તેં જાણ્યો નથી. રાગથી ને પુણ્યથી પણ આત્માની

મોટાઈ નથી, ત્યાં બહારના પદાર્થો તો કયાંય દૂર રહ્યા. સ્વાનુભૂતિથી તારા જ્ઞાન–દર્શન–આનંદસ્વરૂપ આત્માને તું જાણ. આ રીતે સ્વાનુભવથી આત્માને જાણનારા અંતરાત્મા પોતાના સ્વભાવ સિવાય બીજે કયાંય પણ પોતાના આત્માને જોડતા નથી, અથવા બીજે કયાંય 'આ હું છું' એવી આત્મબુદ્ધિ તેમને થતી નથી; ચૈતન્યસ્વભાવપણે જ પોતાના આત્માને ભાવે છે–અનુભવે છે.

ચેતનભાવ જ આત્મા છે, ચેતનભાવ સિવાય બીજા કોઇ પુણ્ય–પાપ વગેરે ભાવો આત્મા નથી. '**चेतनरुप अनूप अमूरत....**' આત્મા સદાય ચેતનસ્વરૂપ છે; ઉપયોગરૂપ શુદ્ધભાવમાં જ આત્મા છે, વિકારમાં આત્મા નથી. ધર્મી પોતાના આત્માને ઉપયોગસ્વરૂપ જ અનુભવે છે, એ અનુભવમાં રાગ નથી, રાગ અને પુણ્ય–પાપ તો અનુભવથી બહાર જુદા જ છે. જગતથી જુદો આવો આત્મા સ્વાનુભૂતિથી જ ગમ્ય થાય તેવો છે.

સ્વસંવેદનજ્ઞાનથી ધર્મી જાણે છે કે મારો આત્મા જ્ઞાન–દર્શન–સંયમરૂપ છે, મારો આત્મા મોક્ષસ્વરૂપ છે. વિકારસ્વરૂપ મારો આત્મા નથી, કર્મબંધવાળો મારો આત્મા નથી. દર્શન–જ્ઞાન ચારિત્ર–મોક્ષ વગેરે નિર્મળભાવો મારો આત્મા જ છે, મારા આત્માથી બહાર કયાંય મારા દર્શન–જ્ઞાન–ચારિત્ર નથી. મારા દર્શન–જ્ઞાન–ચારિત્રમાં મારો શુદ્ધઆત્મા જ છે, મારા દર્શન–જ્ઞાન–ચારિત્રમાં રાગ નથી, ને રાગમાં મારા દર્શન–જ્ઞાન–ચારિત્ર નથી. આવા આત્માને ધર્મી અનુભવે છે. આ રીતે શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર ને મોક્ષસુખરૂપ નિર્મળભાવે પરિણમતો શુદ્ધઆત્મા જ ઉપાદેય છે. દર્શન–જ્ઞાન–ચારિત્ર સંબંધી જે વિકલ્પ છે તે શુદ્ધાત્માથી બાહ્ય છે; વિકલ્પ તે આત્માનું અંતરનું અંગ નથી પણ બહિર્‌અંગ છે; શુદ્ધ ચૈતન્યથી એ વિકલ્પની જાત જુદી છે. જો કે શુદ્ધ પરિણતિ સાથે સહકારીપણે જે શુભવિકલ્પો અને તેનું ફળ છે તે પણ લોકોત્તર હોય છે, બીજા કરતાં ઊંચા પ્રકારના હોય છે; છતાં શુદ્ધપરિણતિથી તો તે બાહ્ય જ છે. શુદ્ધપરિણતિ તો નિશ્ચયથી આત્મા છે, વિકલ્પ અને પુણ્ય તે નિશ્ચયથી આત્મા નથી.

નિશ્ચય સમ્યગ્દર્શન વગર જે મોક્ષમાર્ગનું અસ્તિત્વ માને તેને જૈનધર્મના માર્ગની ખબર નથી. નિશ્ચય સમ્યકત્વાદિ આઠમા ગુણસ્થાનથી હોય ને નીચે ન હોય–એમ કોઈ કહે, એનો અર્થ એ થયો કે, કાં તો આઠમાથી નીચેનાં ગુણસ્થાને મોક્ષમાર્ગ જ નથી, અથવા તો નિશ્ચય સમ્યકત્વાદિ વગર જ મોક્ષમાર્ગ છે. પરંતુ તે બંને વાત ખોટી છે. મોક્ષમાર્ગની શરૂઆત ચોથા ગુણસ્થાનથી જ થઇ જાય છે, અને ચોથા ગુણસ્થાનથી જ નિશ્ચય સમ્યકત્વ હોય છે. જ્યાં નિશ્ચય સમ્યકત્વ ન હોય ત્યાં મોક્ષમાર્ગની શરૂઆત હોઇ શકે નહિ. અને જો ચોથા–પાંચમા ગુણસ્થાને નિશ્ચય ન હોય તો શું ત્યાં એકાન્ત વ્યવહાર છે? એકાન્ત વ્યવહાર એ તો મિથ્યા જ છે. માટે નિશ્ચય સમ્યગ્દર્શનપૂર્વક એટલે કે સ્વાનુભવ સહિત શુદ્ધાત્માની પ્રતીતપૂર્વક જ મોક્ષમાર્ગ થાય છે, એનાથી જ અંતરાત્મપણું પ્રગટે છે. જ્યાં સુધી

જીવને આવું નિશ્ચય સમ્યકત્વ ન હોય ત્યાં સુધી તે બહિરાત્મા છે. અને ચોથા ગુણસ્થાને નિશ્ચય સમ્યકત્વ જે ન માને તે પણ એકાન્ત વ્યવહારમાં લીન બહિરાત્મા જ છે–એમ જાણવું.

અરે, સ્વાનુભૂતિ શું અને સમ્યગ્દર્શન શું તેનું સ્વરૂપ સમજવું પણ અત્યારે ઘણાને દુર્લભ થઇ ગયું છે. મોક્ષમાર્ગને માટે આ એક સિદ્ધાંત છે કે, મોક્ષમાર્ગ આત્માના આશ્રયે છે, એટલે આત્મારૂપ જે ભાવ થયો હોય તે જ ભાવ મોક્ષમાર્ગ છે. હવે આત્માનો સ્વભાવ શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર છે, તે સ્વભાવરૂપ થયેલો ભાવ (એટલે કે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ થયેલો નિર્મળભાવ) તે જ મોક્ષમાર્ગ છે; પણ તેનાથી વિરુદ્ધ મિથ્યાત્વાદિ મલિનભાવો તે માર્ગ નથી; જેમ મિથ્યાત્વ તે માર્ગ નથી, અજ્ઞાન તે માર્ગ નથી તેમ રાગ તે પણ માર્ગ નથી. કેમકે તે ભાવો આત્માના સ્વભાવરૂપ નથી, તે ખરેખર આત્મારૂપ નથી પણ અનાત્મારૂપ છે. આત્માના સ્વભાવની સાથે જેની જાત મળે નહિ તે મોક્ષમાર્ગ કેમ હોય? આત્માને સાધે તે પરિણામ આત્મારૂપ હોય, અનાત્મારૂપ ન હોય. આ રીતે શુદ્ધઆત્મા જ મોક્ષમાર્ગમાં ઉપાદેય છે. શુદ્ધઆત્માને ઉપાદેય કરનાર જ મોક્ષને સાધે છે, બીજા કોઈ મોક્ષને સાધતા નથી. રાગનો આદર કરનાર કદી મોક્ષને સાધી શકતા નથી. મોક્ષ પરમ આનંદ ધામ છે. એનો માર્ગ પણ આનંદધામમાં જ છે. રાગ તો આકુળતાનું ધામ છે. તે કાંઈ આનંદનું ધામ નથી, તેથી તેમાં મોક્ષમાર્ગ નથી. મોક્ષ આનંદસ્વરૂપ અને તેનો માર્ગ પણ આનંદસ્વરૂપ છે; એમાં આકુળતાનું સ્થાન નથી, એમાં રાગનું સ્થાન નથી. રાગ રાગમાં રહ્યો પણ મોક્ષમાર્ગમાં નથી. જે ભાવ મોક્ષમાર્ગરૂપ છે તેમાં રાગનો અભાવ છે,

શુદ્ધસ્વભાવને ભૂલીને રાગને ધર્મ માનનારા જીવો નિશ્ચય વ્યવહાર બંનેને ભૂલી રહ્યા છે; તેઓ વ્યવહારને તો તેની મર્યાદા કરતાં વધુ મહત્ત્વ આપે છે ને નિશ્ચયનું જે પરમ મહત્ત્વ છે તેને ભૂલી જાય છે.

આ ચૈતન્યસ્વરૂપ આત્મા પોતે જ પોતાનો દેવ છે, તેની આરાધનાથી જ સંસાર તરાય છે તેથી તે જ પરમાર્થ તીર્થ છે, તે જ ગુરુ છે ને તે જ દેવ છે, તે જ સેવવાયોગ્ય છે ને તે જ આરાધવાયોગ્ય છે. આવા સ્વદ્રવ્યની જ તું આરાધના કર એવો ઉપદેશ છે. બહારના દેવ–ગુરુ ને સમ્મેદશિખરજી વગેરે મહા તીર્થ તેની ભક્તિ–ઉપાસના તે વ્યવહાર છે, તે શુભરાગ છે, ને અંદરમાં પોતાના ચિદાનંદસ્વભાવની જ દેવ–ગુરુ ને તીર્થપણે ઉપાસના તે નિશ્ચય છે. વીતરાગ–નિર્વિકલ્પ દશામાં તો સ્વશુદ્ધાત્મા જ એક પરમ આદરણીય છે; સવિકલ્પકાળે, વીતરાગીસર્વજ્ઞદેવ, નિર્ગ્રંથ મુનિરાજ ગુરુ અને સિદ્ધક્ષેત્રાદિક તીર્થો તે આરાધનાયોગ્ય છે, એવો વ્યવહાર છે.

જે વ્યવહાર દેવ–ગુરુ–તીર્થની આરાધના છે તે પુણ્યાસ્રવ સહિત છે; ને શુદ્ધાત્માની જે નિશ્ચય આરાધના છે તે આસ્રવરહિત છે, તે સાક્ષાત્ મોક્ષનું કારણ છે. પોતાના શુદ્ધસ્વાત્મતીર્થ કરતાં બીજું કોઈ મોટું તીર્થ નથી. જગતમાં બીજા જે તીર્થો બન્યા (ગીરનાર

વગેરે ) તે પણ શુદ્ધાત્માના આરાધક જીવોના પ્રતાપે જ બન્યા છે. શુદ્ધાત્માથી મોટો બીજો કોઈ દેવ કે ગુરુ નથી. દેવ પોતે પણ શુદ્ધાત્માને પામેલા છે ને ગુરુ પણ શુદ્ધાત્માના જ સાધક છે. માટે શુદ્ધ આત્મા તે જ પરમાર્થ ઉપાદેય છે. દેવ-ગુરુ પણ એ શુદ્ધાત્માને ઉપાદેય કરવાનો જ ઉપદેશ આપે છે. જેણે અંતરમાં શુદ્ધાત્માને નિશ્ચય શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રથી ઉપાદેય કર્યો છે તેને તેની સાથે સવિકલ્પદશા વખતે જે દેવ-ગુરુ તીર્થની ઉપાસના વગેરેનો શુભભાવ છે તે પણ એવો છે કે તે મોક્ષનું જ પરંપરા કારણ થશે, એટલે વચ્ચે ભંગ પડયા વિના તે વીતરાગ થશે અને ત્યારે શુભરાગ છૂટી જશે. એટલે નિશ્ચય માર્ગની અપ્રતિહત આરાધના રાખીને વચ્ચે જ્ઞાનીને વ્યવહાર આવે છે, એવી નિશ્ચય-વ્યવહારની શૈલિ વર્ણવી છે. સવિકલ્પદશામાં દેવ-ગુરુ-તીર્થની સેવા-ભક્તિ-પૂજા વગેરેનો જે વ્યવહાર છે તેને સર્વથા ન સ્વીકારે તો એકાન્ત નિશ્ચયાભાસી જેવું થઈ જાય. તેમજ એકલા વ્યવહારમાં જ રોકાઈને તેમાં જ સર્વસ્વ ધર્મ માની લ્યે ને સ્વભાવને ભૂલી જાય તો તેને અહીં સમજાવે છે કે ભાઇ! તારા દર્શનજ્ઞાનચારિત્ર તો સ્વદ્રવ્ય છે, પરદ્રવ્યમાં કાંઈ તારા દર્શન-જ્ઞાન-ચારિત્ર નથી; માટે સ્વદ્રવ્યનું જ તું સેવન કર, ને પરદ્રવ્યના સેવનમાં ન જા. સ્વદ્રવ્યના સેવનથી જ તને સમ્યગ્દર્શન જ્ઞાનચારિત્રરૂપ મોક્ષમાર્ગ પ્રગટશે. પરદ્રવ્યને સેવવા જઈશ તો રાગ થશે પણ મોક્ષમાર્ગ નહિ થાય.

ધ્યાન કરવાયોગ્ય શુદ્ધાત્મા કે જે ત્રણલોકનો સાર છે, તે જ સમ્યગ્દર્શન છે, તે શુદ્ધઆત્માથી ભિન્ન બીજું કોઇ સમ્યગ્દર્શન નથી. શુદ્ધસ્વભાવથી ભિન્ન એવો રાગભાવ તે સમ્યગ્દર્શન નથી. શુદ્ધસ્વભાવ જે ધ્યેયરૂપ છે તેનાથી ભિન્ન બીજા બધા ભાવો તે વ્યવહાર છે, એટલે તે ખરેખર સમ્યગ્દર્શનાદિ નથી, કેમકે સમ્યગ્દર્શન તો શુદ્ધઆત્મા છે. અને તે ત્રણ લોકમાં સાર છે. શું રાગ ત્રણલોકમાં ઉત્તમ છે? ના; અહીં તો કહે છે કે રાગ તે આત્મા જ નથી. રાગ તો આસ્રવ તત્ત્વ છે, શુદ્ધઆત્મતત્ત્વ તો રાગ વગરનું છે, જ્ઞાનાદિ સ્વભાવથી ભરેલું છે.

આત્માનો નિશ્ચય તે સમ્યગ્દર્શન છે, આત્માનું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે, આત્મામાં નિશ્ચલતા તે સમ્યક્ચારિત્ર છે. આવા જે આત્માથી અભેદ નિશ્ચય રત્નત્રય તે જ સાક્ષાત્ મોક્ષકારણ છે. આવા રત્નત્રય આત્મામાં જ સમાય છે, આત્માથી ભિન્ન બીજે કયાંય રત્નત્રય નથી. રત્નત્રય તો મોક્ષનું કારણ છે, તે બંધનું કારણ નથી, અને રાગાદિ વ્યવહાર તો બંધનું કારણ છે, તે મોક્ષનું કારણ નથી. શુદ્ધ રત્નત્રયરૂપ જે આત્મા તે જ ઉત્તમ-સારભૂત ને ધ્યેરૂપ છે. એને ધ્યાવતાં એકક્ષણમાં જીવ ભવનો પાર પામી જાય છે.

સ્વાનુભૂતિમાં શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર-આનંદ વગેરે અનેક નિર્મળભાવો અભેદપણે સ્વાદમાં-અનુભવમાં આવે છે. જેમ પીણામાં અનેક રસનો સ્વાદ ભેગો છે તેમ સ્વાનુભૂતિમાં આત્માના સર્વગુણોનો એકરસ સ્વાદ છે, પણ વિકારનો સ્વાદ એમાં ભેગો નથી. આવા ચૈતન્યને નિશ્ચલ-

પણે એક અંતર્મુહૂર્ત જે ધ્યાવે છે તે કેવળજ્ઞાન અને મોક્ષ પામે છે. માટે હે મોક્ષાર્થી! બીજા ઘણા બાહ્યપદાર્થોથી તારે શું પ્રયોજન છે? આ ચૈતન્ય પરમાત્માનું જ તું ધ્યાન કર.

નિજસ્વરૂપ ઉપર મીટ માંડ...કે એકક્ષણમાં મોક્ષ. આવા નિજસ્વરૂપના ધ્યાનનો હંમેશ અભ્યાસ કર્તવ્ય છે. અત્યારે પણ જેટલું ધ્યાન છે તેટલું મોક્ષનું કારણ છે. ચૈતન્યના વીતરાગી ધ્યાન સિવાય મોક્ષનું કારણ બીજું કોઈ નથી.

શુદ્ધપરમાત્મતત્ત્વની ભાવના વગરનું શાસ્ત્રજ્ઞાન પણ મોક્ષનું સહકારી કારણ થતું નથી. શાસ્ત્રજ્ઞાનનો હેતુ તો શુદ્ધપરમાત્મતત્ત્વની ભાવના ( શ્રદ્ધા, જ્ઞાન, એકાગ્રતા ) કરવાનો જ હતો. એ હેતુને જે ભૂલી જાય છે તેને તો શાસ્ત્રજ્ઞાન મોક્ષને માટે નિરર્થક છે.

અને જેણે આત્મા જાણ્યો તેને કદાચિત શાસ્ત્રજ્ઞાન વિશેષ ન હોય તો પણ બધા આગમનો સાર તેણે જાણી લીધો છે. કેવળજ્ઞાનનું સામર્થ્ય આત્મામાં છે, આવા આત્માને જેણે જાણ્યો તેણે સર્વ જાણી લીધું. બાર અંગનું પૂરું જ્ઞાન તેને જ થઈ શકે છે કે જે આત્માને જાણતો હોય. અજ્ઞાનીને બાર અંગનું જ્ઞાન કદી ન હોય. જ્ઞાનીને બાર અંગનું શાસ્ત્રજ્ઞાન કદાચ ન હોય–એક અંગનુંય જ્ઞાન ન હોય પરંતુ બારેઅંગના સારભૂત જે શુદ્ધાત્મા તેને જાણ્યો ત્યાં તેમાં બારે અંગનું રહસ્ય સમાઇ ગયું. ૧૨ અંગનું–૧૪ પૂર્વનું રહસ્ય શું? કે શુદ્ધાત્માની અનુભૂતિ તે બાર અંગનું રહસ્ય, તે જ સર્વ જિનશાસનનો સાર. જેને શુદ્ધાત્માની અનુભૂતિ નથી તેણે જૈનશાસનને જાણ્યું નથી.

શુદ્ધાત્માનો માર્ગ જેણે જાણ્યો તેણે જીવની બધી માર્ગણા જાણી લીધી. અને જો શુદ્ધાત્માને ન જાણે તો એકલી માર્ગણાના ભેદોમાંથી માર્ગ હાથ આવે તેમ નથી. સાચોજીવ શું છે તેને ઓળખે પછી તેના ભેદ પ્રભેદ કેટલા છે ને કયાં છે તેની સાચી શોધ કરી શકે. પણ જો જીવનું સાચું સ્વરૂપ ન જાણે તો ઇન્દ્રિયાદિને જ જીવ માની લ્યે, ને સાચો જીવ તેના જાણવામાં આવે નહિ.

જેણે આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું. લોકાલોકને તારે જાણવા હોય તો આત્માને જાણ. લોકાલોક તરફ વળીને લોકાલોકને જાણવા માંગે તો લોકાલોકનું પૂરું જ્ઞાન કદી થાય નહિ. પણ જો આત્મામાં લીન થઈને આત્માને જાણે તો આત્માની કેવળજ્ઞાનશક્તિ ખીલતાં લોકાલોકનું પૂરું જ્ઞાન સહેજે થઇ જાય છે. આ રીતે સ્વસન્મુખ માર્ગ છે.

ભાઇ, તારા ચૈતન્યના મારગડા જગતથી જુદા છે. જગતને એકકોર રાખીને આત્મા તરફ વળ, તો જ તને તારી મુક્તિનો મારગ હાથમાં આવશે.

## મુમુક્ષુએ ચિંતવવાયોગ્ય

# અચિંત્ય ચૈતન્યરત્ન

( પરમાત્મપ્રકાશ–પ્રવચનોમાંથી )

અરે, સંસારમાં આ દુઃખનો કકળાટ! આ અશાંતિ!! એમાંથી તારે બહાર નીકળવું હોય તો હે જીવ! સંતો તને આ એક મંત્ર આપે છે કે તારો આત્મા શુદ્ધ પરમાત્મા છે–તેની રુચિ કરીને તેનું જ રટણ કર...જગતમાં સુખ ક્યાંય પણ હોય તો તે શુદ્ધાત્મામાં જ છે. અહા, ચૈતન્યરત્નના આ અચિંત્ય પ્રભાવને રત્નત્રય જ ઝીલી શકે....રાગ એને ઝીલી ન શકે.

* 卐 *

અહીં મોક્ષાર્થીને શું ઉપાદેય છે? કેવા સ્વભાવનું તેણે ચિંતન કરવું એ વાત સમજાવે છે. હે જીવ! જ્ઞાનમય આત્મા સિવાય જે કોઇ અન્ય પરભાવો છે તે બધાને છોડીને, પોતાના શુદ્ધઆત્મ–સ્વભાવનું તું ચિંતન કર. આત્મા કેવળજ્ઞાનાદિ અનંતગુણોનો રાશી છે, ચૈતન્યપૂંજ છે, તેના ગુણો કદી તેનાથી જુદા પડતા નથી. પણ રાગાદિ પરભાવો કાંઈ તારા સ્વભાવની ચીજ નથી, તે સ્વભાવમાંથી ઉપજેલા ભાવો નથી પણ પરલક્ષે ઉપજેલા પરભાવો છે; તે બધાય પરભાવોને તું છોડ. પહેલાં તો 'હું જ્ઞાનમય છું ને આ પરભાવો તે હું નથી એમ શ્રદ્ધામાંથી ને જ્ઞાનમાંથી તેને છોડ; પછી એ જ જ્ઞાનમય સ્વભાવને જ ઉપાદેય કરીને તેને ધ્યાનમાં ધ્યાવ. એમાં એકાગ્ર થઈને એનું ચિંતન કરતાં સમસ્ત પરભાવો છૂટી જાય છે, ને ચારિત્રદશા પ્રગટે છે.

અહીં તો ભેદજ્ઞાન માટે નિયમ બતાવે છે કે વિશુદ્ધ જ્ઞાનદર્શનસ્વભાવથી વિરુદ્ધ જે કોઇ ભાવો છે તે સર્વને જીવના સ્વભાવથી જાુદા જાણો. ''હું તો શુદ્ધ ચિન્મય ભાવ જ છું, એ સિવાય બંધના હેતુભૂત એવા રાગાદિ ભાવો તે હું નથી.–આવા ભેદજ્ઞાનના સિદ્ધાન્તનું સેવન મુમુક્ષુઓ કરે છે. ચૈતન્યની ભૂમિકામાંથી તો આનંદના ફૂવારા પ્રગટે છે; ચૈતન્યભૂમિમાંથી કાંઇ રાગના અંકુરા નથી નીકળતા. રાગ તો આસ્રવ તત્ત્વ છે, ને મોક્ષમાર્ગ સંવર–નિર્જરારૂપ છે, આસ્રવ–તત્ત્વમાંથી સંવરનિર્જરા કેમ આવે? ચૈતન્યસ્વભાવને ઉપાદેય કરતાં સંવર–નિર્જરા ને મોક્ષતત્ત્વ પ્રગટે છે, આસ્રવ–બંધ

કે પુણ્ય–પાપ નષ્ટ થાય છે. માટે સ્વભાવના અવલંબને જેનો નાશ થાય છે તે મારો સ્વભાવ નથી, માટે તે પરભાવો મારે આદરણીય નથી. મારે શ્રદ્ધામાં–જ્ઞાનમાં ધ્યાનમાં સર્વત્ર મારો એક જ્ઞાનસ્વભાવ જ આદરણીય છે. આથી વિરુદ્ધ બીજા કોઇ ભાવને આદરણીય માને તેને શુદ્ધાત્માનું ધ્યાન થાય નહિ. સમ્યક્ત્વની રીત આ છે કે આવા શુદ્ધાત્માને ધ્યાનમાં ધ્યાવીને પ્રતીતમાં લેવો. પછી સમ્યક્ ચારિત્રની રીત પણ આ છે કે આવા શુદ્ધાત્માને ઉપયોગમાં લઇને તેમાં સ્થિર થવું. અભેદ રત્નત્રયરૂપ જે મોક્ષમાર્ગ, તેમાં આ શુદ્ધઆત્મા જ ઉપાદેય છે. રાગને ઉપાદેય કરીને મોક્ષમાર્ગ કોઈ જીવ પામી જાય–એમ બનતું નથી. અનંત ચતુષ્ટયરૂપ જે અરિહંત દશા, તે 'કાર્યસમયસાર' છે, ને તેના સાધક જે અભેદરત્નત્રય, તે 'કારણ સમયસાર' છે; એટલે કેવળજ્ઞાનરૂપ શુદ્ધકાર્યનું કારણ તો શુદ્ધ–અભેદરત્નત્રય જ છે, બીજું કોઈ તેનું કારણ નથી.

અહા, ચૈતન્યનો અચિંત્ય પ્રભાવ છે, ચૈતન્યરત્નના એ અચિંત્ય પ્રભાવને અભેદ રત્નત્રય જ ઝીલી શકે; ચૈતન્યના અચિંત્ય પ્રભાવને રાગ ઝીલી ન શકે, રાગવડે તે અનુભવમાં ન આવે. માટે કહે છે કે હે ભવ્ય! તું તો જગતપ્રકાશી ચૈતન્યસૂર્ય છો, તારા પ્રતાપમાં વળી વિકાર કેવો? પ્રકાશના પૂંજમાં અંધકાર કેવો? એમ જ્ઞાનપૂંજમાં વળી અજ્ઞાન કેવું ને વિકાર કેવો? માટે સર્વે પરભાવોથી રહિત એવા શુદ્ધ ચૈતન્યપૂંજને ઓળખીને એને જ ધ્યાનમાં ચિંતવ. આત્મચિંતનરૂપ શુદ્ધોપયોગમાં સમ્યગ્દર્શન–જ્ઞાન ચારિત્ર સમાઇ જાય છે, તે અતીન્દ્રિય આનંદથી ભરપૂર છે. આવા આત્માને ધ્યાન વડે જે ઉપાદેય કરે તેને જ મોક્ષમાર્ગ થાય છે. એથી બીજે કયાંય શોધે તેને મોક્ષમાર્ગ મળે નહિ.

અરે જીવ! તારો સ્વભાવ તો જો! જેનું નામ લેતાં પણ આનંદ થાય એના અનુભવની તો શી વાત? આવા મહિમાવંત તારા શુદ્ધાત્માને તું કેમ ભૂલ્યો? તારા ચૈતન્યરત્નને તું વિકારની ધૂળમાં રોળી રહ્યો છે. સંસારના કાદવમાં તું તારા ચૈતન્યરત્નને રગદોળી રહ્યો છે. શુદ્ધદ્રષ્ટિ વડે તારા ભિન્ન–નિર્મળ ચૈતન્યરત્નને એકવાર દેખ, તો એ ચૈતન્યરત્નમાંથી મોક્ષમાર્ગનાં કિરણ ફૂટશે; વિકારરૂપ મેલ એ ચૈતન્યરત્નના અંદરના ભાગમાં પ્રવેશી ગયો નથી.

અતીન્દ્રિય આનંદ સાથે તન્મય એવા આત્મસ્વભાવને જેણે ઉપાદેય કર્યો છે તે સમ્યગ્દ્રષ્ટિ છે. તે સમ્યગ્દ્રષ્ટિ કેવો છે! કે પોતાને પોતાથી જ જાણે છે. આત્મા આત્મા વડે જ જણાય છે, બીજા કોઈ વડે જણાતો નથી. જેણે અંતર્મુખ થઇને શુદ્ધાત્માને ઉપાદેય કર્યો તે જીવ નિયમથી નિકટભવ્ય છે. ભાઈ, તું પહેલાં નક્કી કર કે સુખને માટે મારે મારો શુદ્ધ આત્મા જ ઉપાદેય છે, રાગાદિ કોઇ પર ભાવ મારે ઉપાદેય નથી.–આમ શ્રદ્ધા અને જ્ઞાન ચોખ્ખા કર તો તને રાગ વગરનું વીતરાગી સંવેદન પ્રગટે.

# વૈરાગ્ય સમાચાર

સોનગઢના ભાઇશ્રી વૃજલાલ નાગરદાસ મોદી મુંબઇમાં તા.૧૧-૧-૬૫ ના રોજ ૪૫ વર્ષ જેવી યુવાન અવસ્થામાં આકસ્મિક સ્વર્ગવાસ પામ્યા. હંમેશના નિયમ મુજબ સવારે આઠેક વાગે તેઓ પેટ્રોલ પંપની દુકાને જવા માટે ઘરેથી સીડી ઉતરતા હતા. ત્યાં વચ્ચે દાદરામાં જ અચાનક કેટલાક અજાણ્યા માણસોએ હુમલો કરીને, તેમના મસ્તક ઉપર લાકડાથી ગંભીર પ્રહારો કરતાં તેમની ખોપરી તૂટી ગઈ, અને ત્યાં જ બેહોશ થઇ ગયા.....ને તત્ક્ષણ ઇસ્પિતાલે લઈ જતાં તુરતમાં જ તેમનું પ્રાણપંખેરૂ ઊડી ગયું. થોડી જ મિનિટોમાં આ પ્રસંગ બની ગયો. હૂમલાખોર ખૂની લોકો તરત જ પલાયન થઇ ગયા. હૂમલાખોર કોણ હતા ને શા કારણે આ બન્યું તે પણ  હજી સુધી જાણી શકાયું નથી. તેમના હાથમાં લગભગ સાડાચાર હજાર રૂ.જેટલી રકમ હતી, પણ તે રકમ હુમલાખોરો લઇ ગયા નથી. આ સમાચારથી મુંબઇમાં તેમજ સોનગઢ વગેરેના મુમુક્ષુમંડળમાં વૈરાગ્યની ઘેરી છાયા છવાઇ ગઈ છે. સદ્‌ગત શ્રી વજાુભાઇ વૈષ્ણવ કુળમાં જન્મ્યા હોવા છતાં સોનગઢમાં જૈનધર્મના રંગે રંગાઈ ગયા હતા. પૂ. ગુરુદેવ વગેરે પ્રત્યે તેમને ઘણી ભક્તિ હતી અને તેઓ મુંબઇ મુમુક્ષુ મંડળના એક ઉત્સાહી કાર્યકર હતા. ભક્તિના અનેકવિધ કાર્યોમાં પણ તેઓ ઉત્સાહથી ભાગ લેતા હતા. તેઓ દેવગુરુની ભક્તિમાં ને ધાર્મિક ભાવનામાં આગળ વધીને આ ક્ષણભંગુર સંસારથી છૂટે એમ ઈચ્છીએ છીએ. અરે ! સંસારના આવા પ્રસંગ દેખીને મુમુક્ષુ આત્માઓનું હૃદય વૈરાગ્યથી રંગાઇ જાય છે ને દેહાતીતપદની ઉગ્ર સાધનાને ઝંખે છે.....

પાલેજના શેઠશ્રી કુંવરજી જાદવજી પોષ સુદ ૧૩ના રોજ પાલેજ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ કેટલાક વખતથી બિમાર હતા, ગુરુદેવ પ્રત્યે તેઓ ઘણો પ્રેમ ધરાવતા હતા ને તબીયત ઠીક ન હોવા છતાં થોડા દિવસ પહેલાં સોનગઢ આવી ગુરુદેવના દર્શન વગેરેનો લાભ લઇ ગયા હતા. ધર્મપ્રેમમાં આગળ વધીને તેઓ આત્મહિત પામે એમ ઈચ્છીએ છીએ.

ધ્રાંગધ્રા નિવાસી શાહ ચીમનલાલ હરજીવનદાસના ધર્મપત્ની પ્રભાવતીબેન ૩૮ વર્ષની વયે અમદાવાદ મુકામે માગશર વદ ચોથના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ અવારનવાર સોનગઢ આવીને લાભ લેતા હતા ને તેમને તત્ત્વનો પ્રેમ હતો. તત્ત્વ અભ્યાસમાં આગળ વધીને તેઓ આત્મહિત સાધે-એ જ ભાવના.

ભાવનગરના ભાઈશ્રી હિંમતલાલ હરગોવિંદદાસના માતુશ્રી ચંચળબેન પોષ વદ ૧૦ના રોજ ભાવનગરમાં સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ અવારનવાર સોનગઢ આવીને ગુરુદેવના પ્રવચન વગેરેનો લાભ લેતા હતા; તેમને તત્ત્વનો પ્રેમ હતો. દેવગુરુની ભક્તિમાં ને તત્ત્વપ્રેમમાં આગળ વધીને તેઓ આત્મહિત સાધે-એ જ ભાવના.

## પૂ. ગુરુદેવના પ્રવાસનો કાર્યક્રમ

પહેલાંના કાર્યક્રમ અનુસાર પૂજ્ય ગુરુદેવ તા.૭ના રોજ સોનગઢથી પ્રસ્થાન કરીને ભોપાલ–ઇન્દોર વગેરે સ્થળે પધારવાના હતા; પણ તે કાર્યક્રમમાં ફેરફાર કરવામાં આવેલ છે; તે અનુસાર તા.૧૦ ફેબ્રુઆરીએ સોનગઢથી પ્રસ્થાન કર્યું છે, અને ભોપાલ, મલ્હારગઢ, ઉજ્જૈન વગેરે થઈને ફાગણ સુદ એકમ (તા.૪ માર્ચે) સોનગઢ પુનઃ પધારશે. પૂજ્ય ગુરુદેવની તબિયત સારી છે.

* 卐 *

## સીમંધર પ્રભુની પ્રાચીન મૂર્તિ

મધ્યપ્રાન્તમાં બયાના (ભરતપુર) ગામમાં સીમંધરપ્રભુની પાંચસો વર્ષ, પ્રાચીન જે મૂર્તિ બિરાજમાન છે, તેનું ચિત્ર સોનગઢ આવી ગયેલ છે; ને આગામી માસમાં સીમંધરપ્રભુની પ્રતિષ્ઠાની પચીસમી વર્ષગાંઠ પ્રસંગે ''આત્મધર્મ' માં તે પ્રસિદ્ધ થશે.

* 卐 *

## સમયસાર-કલશ ટીકા

પૂજ્ય ગુરુદેવ ભોપાલ–ઉજ્જૈન વગેરેના પ્રવાસેથી સોનગઢ ફાગણ સુદ એકમે પધારશે; ને ફાગણ સુદ બીજના મંગલ દિને સમયસાર–કલશટીકા ઉપર પ્રવચનો શરૂ થશે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રક : અનંતરાય હરિલાલ શેઠ, આનંદ પ્રિન્ટિંગ પ્રેસ–ભાવનગર